# સહજ-સત્સંગ

અંક : ૨૫૦ વર્ષ : ૨૧ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઑક્ટોબર : ૨૦૦૯



મત્સ્યાવતાર



**મા મિરાંબિકા**

માતૃ-પ્રેમ પ્રકાશિનિ, અસુર-શક્તિ વિનાશિનિ ।
ચેતન-વિકાસ પ્રવર્તિનિ, માનવવંશ સુરક્ષિણિ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૦-મે-૧૯૧૪)

...પેલા શિખરની ઊંચાઈ કે જે તારા દિવ્ય-અનંત પ્રેમ સાથેની એકરૂપતા છે, તે પરથી મેં મારી દૃષ્ટિને આ સંકુલ એવા શરીર પ્રત્યે વાળી આપી છે. આ શરીર કે જેણે એક કરણ તરીકે તારી સેવામાં રહેવાનું છે અને તેં મને કહ્યું છે : એ હું પોતે જ છું; શું તું એ નથી જોઈ શકતી કે એનામાં મારો પ્રકાશ જ પ્રકાશી રહ્યો છે ? અને ખરેખર મેં જોયું કે તારો દિવ્યપ્રેમ, બુદ્ધિના વસ્ત્રમાં સજ્જ થઈને, અને પછી શક્તિમાં સજ્જ થઈને, આ શરીરનાં નાનામાં નાના કોષ સુધી બની રહ્યો છે....

...એ શરીર કરોડો ઝળહળતા સ્ફુલિંગોના નર્યા સમૂહ જેવું જ બની ગયું છે..... જુદાં જુદાં જગતોમાં, જુદાં જુદાં રૂપો હેઠળ પરંતુ એક સરખા, વિદ્યમાન અવિકારી અને શાશ્વત જીવનપૂર્વક કેવળ તું જ રહેલો છે..... વિશુદ્ધ પ્રેમ અને અવિભાજ્ય એવી એકતાના તારા આ અવિકારી પ્રદેશનાં બનેલા દિવ્ય જગતને અમારે બીજા સુધી તમામ પ્રદેશોના બનેલા દિવ્ય જગતો સાથે, અત્યંત સ્થૂળ પ્રદેશ સુધી વ્યવહાર કરતું કરી આપવાનું છે....

...આ બધાં એક ઉપર એક ગોઠવેલાં દિવ્ય-જગતોની વચ્ચે સંપૂર્ણ ચેતનાનો એક દોર સ્થાપિત કરી લેવાય એ જ તારી અંદર સતત અને અવિકારી રીતે રહેવાનું એક માત્ર સાધન છે....

...આ અનંત સીડીની ઉપર હું સતત ચડતી અને ઉતરતી રહું એવું બને....

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (જગત સ્વરૂપ પ્રભુ) | ૧ | **અરવિંદોપનિષદ** (સત્યપ્રકાશ) | ૩૦ |
| **ધ્યાન** | ૫ | **રાષ્ટ્રિય શિક્ષણ** (ગેરસમજો) | ૩૨ |
| **માતૃવાણી** (દિવ્યપ્રેમ) | ૯ | **સુંદર કથાઓ** (ભીરૂતા) | ૩૫ |
| **ગીતાનિબંધો** (દિવ્યસત્યની ઉપાસના) | ૧૨ | **વેદવિજ્ઞાન** (અઘમર્ષણ સૂક્ત) | ૩૬ |
| **માનવવિકાસ ચક્ર** (આત્મલક્ષી યુગ) | ૧૫ | **ઉપનિષદોનું અમૃત** (પ્રજ્ઞાનં બ્રહ્મ) | ૩૮ |
| **સાવિત્રી** (પ્રગટ પરમાત્મા) | ૧૭ | **આગામી - ભાવિ** | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (અધિમનસ અતિમનસ) | ૨૦ | **પુદૂચેરી આગમન શતાબ્દી** | |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (સંસ્કૃતિનો ઉગમ) | ૨૩ | ૧ આધ્યાત્મિક બનવાની સંમતિ | ૪૨ |
| **અતિમનસ** (એક ઝાંખી) | ૨૬ | ૨ શ્રી અરવિંદના પાંચ સ્વપ્નો | ૪૪ |
| | | **વિજ્ઞાન અને અધ્યાત્મ** | ૪૭ |
| | | કવરપેજ ૧ ઉપરની સમજૂતિ કવરપેજ ૪ ઉપર | |



મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૫૦ વર્ષ : ૨૧
ઑક્ટોબર - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80 G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**'મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# જગતસ્વરૂપ પ્રભુ

## (પ્રાર્થનાઓ અને ધ્યાન)
## સંક્ષિપ્ત સુગમ સમજૂતી

**- માનસિંહ ચાવડા**

માતાજીને ગત ૧૯ મે ૧૯૧૪ની અનુભૂતિમાં એવું જણાયું કે પ્રભુએ તેમને પોતાના કરણોનો વિકાસ કરીને લોકોને પ્રભુપ્રત્યે વાળવાનું કામ સોંપ્યું છે. તેથી હવે માતાજીએ પરમ-ચેતના સાથેની એકરૂપતામાં જ પ્રેમમગ્ન થવાને બદલે આ શરીરરૂપી કરણને પૂર્ણતા બક્ષવા તરફ ધ્યાન આપવાનું શરૂ કર્યું. માતાજીને જણાયું કે તેમનું શરીર તો એક સંકુલ રચના છે. તેમાંના વિવિધ તત્ત્વો વચ્ચે કોઈ સંવાદમયતા નથી. માતાજીએ તેમની વચ્ચે કોઈ સંવાદમયતા સ્થાપીને તેમને પ્રભુના કાર્ય કરવાને પ્રેરણા આપવાની શરૂઆત કરી. માતાજીને અનુભૂતિ દ્વારા પ્રભુએ જણાવ્યું કે પેલી પરમ-ચેતના સાથેની એકરૂપતા કરતા આ કાર્ય નિમ્નપ્રકારનું છે એવો તેમનો ભાવ ખોટો છે. શરીરમાં પણ પ્રભુનો પ્રકાશ 'ઓજસ' તરીકે રહ્યો જ છે અને તે જ શરીરની રચનાને વિકસાવે છે. (ધારયામ્યહમ્ ઓજસા - ગીતા અ.૧૫) તેની દ્વારા જ પ્રભુને શરીરની મદદથી પ્રગટ થવું છે. માતાજીનો શરીર તરફ જોવાનો જ દૃષ્ટિકોણ આથી બદલાઈ ગયો. તેમને શરીરનું અનન્ય મહત્ત્વ સમજાયું.

તેમને પોતાની આંતર-દૃષ્ટિથી દેખાયું કે તે ઓજસ જ પ્રજ્ઞાશક્તિ સાથે (માતાજી તેને બુદ્ધિ તરીકે વર્ણવે છે) મળીને શરીરનાં કોષોના હૃદયપ્રદેશમાં પોતે સ્થિર થએલ છે. તે જ પ્રભુની જ્ઞાનમય-શક્તિ છે. તેની દ્વારા જ પ્રભુનાં સંકલ્પો આપણને આંતરપ્રેરણા તરીકે અનુભવાય છે અને આપણી બુદ્ધિ તે પ્રેરણાઓને ધારણ કરી તે મુજબ સાધનાને ભૌતિક સ્તરે વાસ્તવિક બનાવે છે. માતાજીને દરેક શારીરિક કોષના હૃદયપ્રદેશમાં આવો આત્મપ્રભાથી પ્રકાશિત એક એક સ્ફુલિંગ દેખાયો. સમગ્ર શરીર અનંત સ્ફુલિંગોનો જાણે એક મોટા સમુદાય જેવું લાગ્યું. માતાજીને ભૌતિક-સ્તરે પ્રભુની હાજરીનો અને તેમના કાર્યનો અનુભવ આવ્યો.

આવા તો એકથી એક અનેક વધારે સૂક્ષ્મ જગતો છે તે જાણે એક શ્રેણીમાં ગોઠવાએલાં છે તેથી પ્રભુની હાજરી અને કાર્ય ફક્ત ભૌતિક જગતમાં જ ચાલી રહ્યું છે એમ નથી. બધા જ જગતોમાં તે ચાલી રહ્યું છે ફક્ત તેનાં કાર્ય-પ્રકાર જુદા હોય છે. આ સમજણ સાથે માતાજીને પ્રભુના કાર્યના અનંત પ્રદેશની ઝાંખી થઈ. આ બધા જ જગતોમાં પ્રભુની હાજરી હોવા છતાં તેને જોડીને એક અખંડ અને અસીમ હાજરી અનુભવવી જરૂરી છે. તેમજ બધા જ જગતોમાં ચાલતાં વિવિધ કાર્યોને સુસંવાદી રીતે જોડીને સમગ્ર બ્રહ્માંડમાં પ્રભુનું જે અતિવિશાળ કાર્ય ચાલી રહ્યું છે તેની પણ ઝાંખી કરી લેવી જરૂરી છે. પ્રભુના વૈશ્વિક સ્તરના આયોજનને આ રીતે જ આપણે સમજી શકશું.

પ્રભુ વિવિધ જગતોમાં જે સ્વરૂપે પ્રગટ થઈ રહ્યો છે તે સ્વરૂપ છે જીવન. આ વિવિધ જગતોમાંનાં વિવિધ જીવનોને સળંગ વિકસતા જીવન સ્વરૂપે સમજવાનું હોય છે. તેને જ 'ચેતનાનો દોર' તરીકે સમજવાનું માતાજી કહે છે.

આ રીતે પ્રભુની આ જગતો તરીકેની આવિર્ભાવ પ્રક્રિયા સાથે પણ એકરૂપ થવું એ પ્રભુની સક્રિય બાજુ સાથે એકરૂપ થવા જેવું છે. માતાજીને અસીમ, નિરાકાર, પ્રેમસ્વરૂપ ચેતના સાથે તેની નિષ્ક્રિય બાજુ સાથે એકરૂપતા અનુભવાવાનો અનુભવ તો હતો જ. હવે તેમણે આ બીજા પાસા સાથે પણ એકરૂપતા સાધી લીધી. તેથી સમગ્ર એકરૂપતાનો તેમને ખ્યાલ આવ્યો. પહેલાની ફક્ત નિષ્ક્રિય પાસા સાથેની એકરૂપતા તેમને અધૂરી લાગવા લાગી તેમની ગેરસમજ દૂર થઈ. માતાજીને લાગ્યું કે જાણે તેના એક નવા જ અજ્ઞાનનો પડદો ચીરી નાખવામાં આવ્યો છે. માતાજીને અનુભવ આવ્યો કે તેઓ પરમ-ચેતના તરીકે ફક્ત નિરાકાર અસીમ અસ્તિત્વ ધરાવતાં નથી પણ અણુ જેવા સૂક્ષ્મ સાકાર વસ્તુઓમાં પણ અસ્તિત્વ ધરાવે છે.

હવે માતાજીની ચેતના અસીમ કે સીમિત, સગુણ કે નિર્ગુણ, સાકાર કે નિરાકાર, સક્રિય કે નિષ્ક્રિય બધા જ ચેતના પ્રકારોમાં વિનાવરોધે એકરૂપતા સાધવા લાગી એટલું જ નહિ પણ વિવિધ ઊર્ધ્વ જગતોમાં સંકલ્પબળે જઈ પાછી આવવા લાગી. માતાજીમાં ચેતનાની નવી ક્ષમતાઓ પ્રગટ થવા લાગી હતી.

# ધ્યાન

- જ્યોતિબેન થાનકી

**અવિરત ધ્યાનાવસ્થામાં શું થાય ?**

ભગવાન સાથેની એકતા સતત બની રહે એ છે અવિરત ધ્યાનાવસ્થાની સ્થિતિ. આવી સ્થિતિમાં શું થાય ? આવા પ્રશ્નના ઉત્તરમાં શ્રીમાતજીએ સમજાવતાં કહ્યું હતું કે ''આ સ્થિતિમાં તમારે કોઈ વસ્તુ ઉપર વિચાર કેન્દ્રિત કરવા હોય તો તમારામાં કોઈ જાતની ઉત્તેજના ઊભી ન થાય, અંતરમાં ચાલતાં યંત્રને શાંત કરી દેવા કોઈ જાતનું બળ વાપરવું ન પડે. એ તમે તદ્દન સહજ રીતે, એક ક્ષણમાં, કોઈ જાતના પ્રયત્ન વગર કરી શકતા હો. અને જ્યારે તમે ગમે તે કોઈ કારણસર ધ્યાનમાં કોઈ વસ્તુને જોવા જાણવા કે લક્ષમાં લેવા માગતા હો તો તે વસ્તુનું અસ્તિત્ત્વ જ તમારામાં બની રહે. બીજી સર્વ વસ્તુઓ એક જાદુની જેમ અદૃશ્ય થઈ જાય. આ સ્થિતિમાં તમારું સર્વ કંઈ નીરવ થઈ ગયું હોય છે.

આ સ્થિતિ તો ધ્યાનાવસ્થાની ચરમ અવસ્થા છે. પણ જ્યારે આપણે શરૂઆતમાં ધ્યાન કરવા કે આપણાં અંતરમાં રહેલા ભગવાનના અંશની સાથે એકરૂપ થવા પ્રયત્ન કરીએ ત્યારે મનમાં ભારે વિચારો ધસી આવતા હોય છે. આ વિચારો ફરી ફરીને આવતા રહે છે. તો શું કરવું ?

**ધ્યાનમાં થતો વિચારોનો હુમલો :**

જ્યારે માણસ ધ્યાનમાં મનને શાંત કરવાનો પ્રયત્ન કરે ત્યારે કોણ જાણે ક્યાંયથી વિચારોનાં ટોળાં ધસમસતાં આવી ચઢે છે, અને તેમાંથી બચવું ઘણું મુશ્કેલ બની જાય છે. જેમ તેને દૂર કરવાનો માણસ પ્રયત્ન કરે તેમ તેમ તેમનો હુમલો વધુ પ્રબળ બનતો જાય છે. શ્રી માતાજીએ વિચારો સાથે ઝઘડો કરવાની કે તેને હાંકી કાઢવાનો પ્રયત્ન કરવાની ના પાડતાં કહ્યું હતું કે ''ઘણાંએ પચીસ વર્ષ સુધી આ પ્રયત્ન કર્યો પણ એમાં સફળ થયા નથી. એ રીત તો આખલાને તેના શીંગડાથી પકડવા જેવી છે.'' તેઓ મનને મૌન કરતાં, શાંત રહેતાં શીખવવાનું કહે છે. પણ આ માટે મન સાથે ઝગડો કરવાનો નથી. તેઓ કહે છે કે, ''જો તમે સીધેસીધો પ્રયત્ન કરશો તો તે અત્યંત મુશ્કેલ બની જશે. કેમકે મનનો સહુથી મોટો ભાગ એનું કાર્ય બંધ રાખતો નથી. એક ટેપ રેકોર્ડરની માફક એ સતત ચાલ્યા કરે છે. રેકોર્ડ થએલી વસ્તુઓનું પુનરાવર્તન કર્યા કરે છે. જો તમે તમારી ચેતનાને

સામાન્ય મનથી ઉપરના પ્રદેશમાં ઊઠાવી દો તો, પ્રકાશ પ્રત્યેનું એ ઉદ્‌ઘાટન તમારા મનને શાંત કરી દે છે. પછી એ હલન - ચલન કરતું નથી. એકવાર એ પ્રદેશમાં ગયા પછી તમે ત્યાંથી પાછા ન પણ આવો એવું બને ખરું અને તમારું બાહ્ય મન પછી શાંત રહે છે.'' આમ વિચારોમાંથી મુક્ત થવાની અને ગણગણતા મનને શાંત અને સ્થિર કરવાની શ્રેષ્ઠ પદ્ધતિ સામાન્ય ચેતનામાંથી ઊંચે જવાની છે. મનની ભૂમિકા જ બદલાઈ જતાં પછી સામાન્ય ભૂમિકાના વિચારો કનડગત કરી શકતા નથી.

**ધ્યાન ધરતી વખતે થતો નિદ્રાનો હુમલો :**

ઘણીવાર એવું પણ બને છે કે આપણે જ્યારે ધ્યાન ધરીએ ત્યારે ધીમે ધીમે મન શાંત થવા લાગે છે, પણ સાથે ઊંઘ પણ આવવા લાગે છે, ઘણીવાર તો એટલી સખ્ખત ઊંઘ આવવા લાગે છે કે ધ્યાન બાજુએ રહી જાય છે, અને ઊંઘી જવાય છે. આમ કેમ થતું હશે ? અને આવે વખતે શું કરવું જોઈએ ? આવા પ્રશ્નો સાધકે શ્રી અરવિંદને પૂછ્યા હતા, તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે, ''જ્યારે વ્યક્તિ પોતાની અંદર જવા માટે પોતાની જાગૃત બાહ્ય ચેતનાનો લોપ કરવા માટે, અંદર જાગૃત થવા માટે ધ્યાનનો પ્રયત્ન કરે છે, ત્યારે એ એક ગહન આનંદ ચેતનામાં રહેવા માટેનું દબાણ છે કેમકે, મન જે જાતની આંતર ચેતનામાં રહેવા ટેવાયેલું છે, તે તો એક માત્ર નિદ્રાવસ્થા જ છે. આથી ધ્યાનમાં પહેલી મુશ્કેલી નિદ્રાની છે. પણ જો ખંતપૂર્વક પ્રયત્ન ચાલુ રાખવામાં આવે તો ઊંઘ ક્રમશઃ એક આંતરિક સચેતન સ્થિતિમાં બદલાઈ જાય છે.'' આમ શરૂઆતમાં નિદ્રાના હુમલા થાય તો પણ ધ્યાન ચાલુ રાખવું જોઈએ. ધીમે ધીમે મન તૈયાર થાય છે અને સામાન્ય લાગે છે કે આ નિદ્રામાં જવાનું દબાણ નથી, પણ આ તો ગહન ચેતનામાં ઊંડે ઊતરવાનું દબાણ છે. પછી ઊંઘ નહીં આવે.

ઘણી વખત ધ્યાન ઊંડું બનતા માણસનું બાહ્યભાન ચાલ્યું જાય છે. માણસ સમાધિમાં ચાલ્યો જાય છે. સામાન્ય યોગમાં સમાધિને ઉત્તમ આંતરિક સ્થિતિ માનવામાં આવે છે અને તેને ધ્યાનની ઉચ્ચ અવસ્થા ગણવામાં આવે છે. પરંતુ શ્રી અરવિંદ કહે છે કે ધ્યાન ધરતી વખતે બાહ્ય ચેતના લુપ્ત થઈ જાય એની કંઈ જરૂર નથી. ચેતના વિશાળ થાય અને બદલાય એ જ જરૂરી છે.

**ધ્યાન બાદ મગજમાં ગરમીનો અનુભવ થાય કે ચક્કર આવે, એવું શા માટે થતું હશે?**

શ્રી અરવિંદને સાધકોએ ધ્યાન પછીની સ્થિતિ અંગેના પ્રશ્નો પણ પૂછ્યા

હતા. ધ્યાનમાં મનુષ્યની ચેતના સામાન્ય સ્તર પર નથી હોતી. ઊર્ધ્વમાં એકાગ્ર થએલી હોય છે. ત્યાંથી નીચે આવતાં, ઘણી વખત તાત્કાલિક નીચેની ભૂમિકા સાથે સમાયોજન ન થતાં ભાર લાગવો, ચક્કર આવવાં, બેચેની થવી, કે ધ્યાનમાં શક્તિઓનું અવતરણ થતાં ગરમીનો અનુભવ થવો વગેરે અનુભવો થતા હોય છે. આથી ધ્યાનમાંથી ઊઠ્યા બાદ માણસે એકદમ ઊભા થઈ જવું જોઈએ નહીં. એકાએક બાહ્ય ચેતનામાં ધસી જવું જોઈએ નહીં. ધ્યાન દરમિયાન જે કંઈ અનુભૂતિઓ, શક્તિઓ પ્રાપ્ત થઈ હોય તેને પોતાની ચેતનામાં પચાવવા માટે ધ્યાન પૂરું થઈ ગયા પછી પણ શાંત અને સ્થિર રહેવું જોઈએ. આ અંગે માર્ગદર્શન આપતાં શ્રી અરવિંદ એક સાધકને પત્રમાં જણાવે છે કે, ધ્યાન પછી થોડા સમય માટે શાંત અને એકાગ્ર રહેવું એ ચોક્કસ વધારે સાચું છે. ધ્યાનને હળવાશથી લેવું એ ભૂલ છે. એ પ્રમાણે કરવાથી આપણે જે પ્રાપ્ત કર્યું હોય છે, તે નિષ્ફળ જાય છે અથવા તો ગ્રહણ કરેલી વસ્તુને બદલી નાંખે છે.'' ધ્યાન દ્વારા મનુષ્ય આંતર ચેતનામાં પ્રવેશ કરે છે, આથી ધ્યાન પૂરું થયા બાદ ધીમે ધીમે બાહ્ય ચેતનામાં પાછા ફરવું જોઈએ અને ધ્યાનની અનુભૂતિઓ અને સાક્ષાત્કારોને ચેતનામાં આત્મસાત્ કરવા માટે શાંતિ અને મૌન રાખવા જોઈએ.

**ધ્યાન શા માટે કરી શકાય ?**

ધ્યાનનો ઉદ્દેશ શો હોઈ શકે ? આપણે શેના માટે ધ્યાન કરવું જોઈએ ? આશ્રમનાં બાળકોએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ ધ્યાનના ઉદ્દેશોની વાત કરી હતી. ધ્યાનનો મુખ્ય ઉદ્દેશ તો આપણા સાચા સ્વરૂપની પ્રાપ્તિ-અંતરાત્માની પ્રાપ્તિ, શ્રી અરવિંદ જેને ચૈત્યપુરુષ કહે છે, તેની પ્રાપ્તિનો જ હોઈ શકે. પરંતુ ઘણી વખત બીજા ઉદ્દેશો માટે પણ ધ્યાન કરવામાં આવતું હોય છે. શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, દિવ્યશક્તિ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરવા, પોતાની સામાન્ય ચેતનામાંથી મુક્ત થવા, પોતાના અસ્તિત્ત્વના ઊંડાણમાં પ્રવેશવા, પોતાની જાતનું સંપૂર્ણ સમર્પણ કરવા, તથા શાંતિ અને નીરવતા પ્રાપ્ત કરવા આમ વિવિધ હેતુઓ માટે ધ્યાન કરી શકાય. આ બધી તો આધ્યાત્મિક બાબતો માટે ધ્યાન કરવાની વાત થઈ. પરંતુ વ્યાવહારિક જીવનમાં પણ અનેક બાબતો માટે ધ્યાન કરી શકાય છે. કોઈ મુશ્કેલીનો ઉકેલ શોધવા માટે પણ ધ્યાન અને એકાગ્રતા કરી શકાય. કાવ્ય, ચિત્ર, લેખન વગેરેના ઉત્કૃષ્ટ સર્જન માટે પણ ધ્યાન અને એકાગ્રતા કરી શકાય. ધ્યાન દ્વારા પ્રાપ્ત થતી મનની નીરવતામાં જ ઊર્ધ્વમાંથી સીધી પ્રેરણાઓ સર્જકો મેળવતા હોય છે, અને એ દૈવી પ્રેરણાથી તેઓ

ઉત્કૃષ્ટ કલાકૃતિઓનું સર્જન કરતા હોય છે. ધ્યાન અને એકાગ્રતા દ્વારા જે કંઈ કાર્યો કરવામાં આવે છે, તે કાર્યો સામાન્ય ચેતના દ્વારા કરેલાં કાર્યો કરતાં વધારે ઝડપી, સુંદર અને પૂર્ણતાવાળાં હોય છે.

**ધ્યાન ક્યારે કરવું ?**

સામાન્ય રીતે આપણે એવું માનતા હોઈએ છીએ કે શાંત જગ્યાએ, જ્યાં બિલકુલ ઘોંઘાટ ન હોય, લોકોની અવરજવર ન થતી હોય ત્યાં પદ્ધતિસરનું આસન લગાવીને ધ્યાન કરવું જોઈએ. પરંતુ શ્રીમાતાજી તો કહે છે કે તમે આવી માન્યતા સેવવાની ભૂલ ન કરશો. બાહ્ય સંજોગો ગમે તેવા હોય તો પણ, તમારાથી ધ્યાન થઈ શકતું હોવું જોઈએ. ધ્યાનમાં તો આંતર ચેતનમાં ઊતરવાનું છે, અંતરાત્મા સાથે તાદાત્મ્ય અનુભવવાનું છે અને એ તો ગમે ત્યાં થઈ શકે છે. એના માટે કોઈ વિશિષ્ટ સમય કે સ્થળની જરૂર રહેતી નથી. પરંતુ પ્રારંભમાં આપણા મનને અંતરમાં ઊંડે જવાની આદત ન હોવાથી તે બહારના અવાજો - લોકો પ્રત્યે સભાન રહે છે. આથી એકાગ્રતા આવતી નથી. માટે શરૂઆતમાં ધ્યાનને અનુકૂળ સમય, સ્થળ હોવાં જરૂરી છે. મોટાભાગે વહેલી સવારે બાહ્ય મુહૂર્ત કે રાત્રિનો સમય વધારે અનુકૂળ રહે છે. પછી જેમ જેમ મનને અભ્યાસ થતો જાય તેમ તેમ તે આંતર ચેતનામાં સહજપણે એકાગ્ર થવા લાગે છે, એ પછી તો નિશ્ચિત સમય કે સ્થળની જરૂર રહેતી નથી.

**ધ્યાન દ્વારા થતી પ્રાપ્તિ :**

ધ્યાનમાં મન શાંત થઈ જાય છે. ખાલી થઈ જાય છે. વિચારો અદૃશ્ય થઈ જાય છે. તો પછી એ સ્થિતિમાં કાર્યો કેવી રીતે થઈ શકે ? આવા પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, જેને હું 'ધ્યાન કરવું' એમ કહું છું, તેમાં કંઈ મસ્તક ખાલી કરી દેવાનું નથી. એમાં તો તમારી ચેતનાને ભગવાનમાં પરોવી રાખવાની રહે છે. આ પ્રકારનું ચિંતન જો અંતરમાં ચાલુ રાખશો તો તમે જે કંઈ કરતા હશો તે બાહ્ય દૃષ્ટિએ એવું જ એ હોવા છતાં પણ તેની ગુણવત્તામાં ફેર પડી જશે. તમારા જીવનની કાર્યપદ્ધતિ બદલાઈ જશે. તમે પોતે, તમને પોતાને પહેલાં કરતાં કોઈ જુદી જ વ્યક્તિ બની ગયા છો, તેવું અનુભવશો. તમારામાં શાંતિ હશે, અને કશાયથી ચલિત ન થાય એવી તમારી સ્થિતિ હશે.'' આમ ધ્યાન દ્વારા મનુષ્યને પોતાના સાચા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે કે જે સ્વરૂપ આનંદમય, શક્તિમય, પ્રેમમય અને પ્રકાશમય છે. એ જ આપણી સાચી ચેતના છે. એમાં જીવાતું જીવન એ જ સાચું જીવન છે. એ જ પરમાત્મામય જીવન છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## દિવ્ય-પ્રેમ

## અવતરણો

(માતૃવાણી-૩ પૃ. ૬૩ - ૭૪)

૧ પ્રેમ એ વિશ્વની મહાન શક્તિઓમાંની એક છે.
એ શક્તિ સ્વનિર્ભર છે; અને જે પદાર્થોમાં અને જે વ્યક્તિઓ દ્વારા તે આવિર્ભાવ પામે છે તેમનાથી તે સ્વતંત્રપણે કાર્ય કરે છે. - પૃ.૩/ ૭૫

૨ તેને પ્રત્યુત્તર આપી શકે તેવાઓમાં તે આંદોલનો જાગ્રત કરે છે. - પૃ.૩/૭૫

૩ પણ મનુષ્ય આ લાગણીને કેવળ પોતાની અંગત અનુભૂતિ તરીકે સમજે છે - પૃ.૩/૭૫

૪ પ્રેમના મૂળ સ્વરૂપ પ્રત્યે અને તેના સત્ય પ્રત્યે જેનું અંતર ખુલ્લું નહિ થયું હોય, તે ભગવાનની સમીપ નહિ જઈ શકે. - પૃ.૩/૭૬

૫ જગતમાં પ્રભુએ પોતાના પ્રેમનો આવિર્ભાવ એક પરમ બલિદાન રૂપે, પરમ આત્મ સમર્પણ રૂપે કર્યો છે. પૃ.૩/૭૭

૬ પ્રેમશક્તિનું કાર્ય ફક્ત માનવજાતિમાં જ મર્યાદિત નથી. પૃ.૩/૭૮

૭ દિવ્ય પ્રેમ પોતાના આવિર્ભાવને પૃથ્વી ઉપર છેક સ્થૂળમાં સ્થૂળ જડ તત્ત્વ સુધી વિસ્તારે છે. પૃ.૩/૭૯

૮ દિવ્ય ભાગવત પ્રેમ પોતે જ પોતાનો સાક્ષાત્કાર સરળ અને સંપૂર્ણ થાય તે હેતુથી વ્યક્તિઓનું સ્વરૂપ લઈ રહ્યો છે. પૃ.૩/૮૧

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી** - માનસિંહ ચાવડા

**માતાજીના વાર્તાલાપો - (તા.૨ જૂન ૧૯૨૯)**

માતાજી, માનુષી પ્રેમ અને દિવ્ય-પ્રેમમાં તફાવત શું છે ? શું માનુષી-પ્રેમ દિવ્ય-પ્રેમમાં અંતરાયરૂપ બને છે? શું માનુષી - પ્રેમ દિવ્ય - પ્રેમનું જ એક સ્વરૂપ નથી? ક્રાઈસ્ટ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદે માનુષી-પ્રેમમાં જ પ્રભુ-પ્રેમ નિહાળેલો.

દિવ્ય-પ્રેમ એ અનેક દિવ્ય-શક્તિઓમાંની એક છે. તે સ્વતંત્ર અને સ્વનિર્ભર શક્તિ છે. માધ્યમની મર્યાદાઓ તેને સ્પર્શતી નથી. તે પોતે જ આવિર્ભાવ પામવા પ્રયત્નશીલ છે. જે કરણ યોગ્ય લાગે તેને તે પસંદ કરે છે. અયોગ્ય કરણને ત્યાગે છે તે નિર્વૈવ્યક્તિક છે.

પણ માનવ તેને વ્યક્તિગત ભાવના તરીકે અનુભવે છે અને સમજે છે એ તેની ભૂલ છે. તે તો સનાતન અને વિશ્વવ્યાપી તત્ત્વ છે. શક્તિ છે અને કાયમ શુદ્ધ પૂર્ણ અવસ્થામાં જ રહે છે. તેમાં દેખાતી ઊણપો તે વાસ્તવિક રીતે કરણની ઊણપો હોય છે. કરણની અહંતા અને અજ્ઞાન તે નિર્માણ કરે છે. તે દરેક માનવના હૃદયમાં દિવ્ય-અભીપ્સા તરીકે પ્રગટ થાય છે જે પ્રભુ પ્રત્યેનાં પ્રેમ સ્વરૂપ જ છે પણ માનવની માનવસુલભ વાસનાઓ, ગેરસમજો તેને વિરૂપ બનાવે છે.

જ્ઞાનીઓ જો પ્રેમતત્ત્વને ન માને તો અમુક કક્ષાની ઉપર પ્રગતિ કરી શકતાં નથી. તેઓ અક્ષરબ્રહ્મમાં અટવાઈ જાય છે. પુરુષોત્તમ - ચેતનામાં પ્રવેશ મેળવી શકતાં નથી. આગળ જતાં જ્ઞાન અને પ્રેમનો ભેદ જ ભૂંસાઈ જાય છે. જ્ઞાન એકરૂપતામાં જેમ વિલીન થાય છે પ્રેમ પણ એકરૂપતા જ ઝંખતું હોય છે. એકરૂપતામાં સ્વયંજ્ઞાન અને સ્વયંપ્રેમ એકરૂપ બની ગએલાં હોય છે.

દિવ્યપ્રેમમાં નિઃશેષ સમર્પણ, બિનશરતી સમર્પણ, માગણી વગરનું સમર્પણ હોય છે. અમુક અવતારોમાં તે વિશેષરૂપે પ્રગટ થએલ છે દા.ત. યેશુખ્રિસ્ત, ચૈતન્ય મહાપ્રભુ વગેરે. પણ તેમાં માનુષી છાંટ, ભાવનાઓનો આવેગ ન દેખાવાથી જગત તેમનાં પ્રેમને જલદી સમજી શકતાં નથી. દિવ્ય-પ્રેમ શાંત, ગંભીર, નિરપેક્ષ, નિર્લેપ સ્વરૂપનો હોવાથી માનવોને તે પ્રેમ છે એવું લાગતું નથી.

પ્રભુએ અનંતરૂપે પ્રગટ થવા પોતાના આનંદમય સ્વરૂપનો, પોતાની અસીમતાનો, પોતાની સર્વજ્ઞતાનો, પોતાની સર્વસમર્થતાનો, પોતાની સુંદરતાનો ત્યાગ કરેલ છે તે તેમનું મહાન-આત્મબલિદાન છે જે દિવ્ય-પ્રેમને કારણે જ કરવામાં આવ્યું છે.

દિવ્ય-પ્રેમ ફક્ત પ્રગત માનવજાતિમાં જ પ્રગટ થાય છે આ માન્યતા ભૂલભરેલી છે. દિવ્યપ્રેમ કદાચ માનવેતર ભૌતિક-સૃષ્ટિમાં તો તે વધારે શુદ્ધ સ્વરૂપે પ્રગટ થઈ શકે છે.

માતાજી, દિવ્ય-પ્રેમના આવિર્ભાવમાં પ્રાણમય સત્તાઓ સહભાગી થઈ શકે છે? તે કેવી રીતે?

દિવ્ય-પ્રેમના આવિર્ભાવમાંથી કોઈ ક્ષેત્ર બાકાત રહી શકતું નથી. તેથી તેમાં પ્રાણમય-સત્તાઓ પણ આવી જાય છે. પ્રાણની મદદ વગર પ્રગતિ શક્ય જ નથી. પ્રાણે જ જડ તત્ત્વમાં ચેતન પૂર્યું છે. ઉચ્ચતર ભૂમિકાઓને આ ભૌતિક જગત સાથે જોડવાનું કામ પ્રાણ જ કરે છે. આ વ્યવસ્થા જ દિવ્ય-પ્રેમને ભૌતિક જગતમાં અવતરણ કરાવવા મદદરૂપ બને છે.

પણ પ્રાણતત્ત્વને વિરોધી શક્તિએ અશુદ્ધ કરી નાખ્યું છે. હિંસા, ક્રૂરતા, સ્વાર્થ, અહંભાવ, અભિમાન, કામનાઓની મજબૂત પકડ આ બધી વિકૃતિઓ સર્જનાર અદિવ્ય-તત્ત્વો છે. તેઓ પ્રાણને વિકૃત કરી નાખે છે. આ વિકૃતિઓ દબાવવાથી નષ્ટ થતી નથી પણ રૂપાંતરિત કરીને જ તેમને નિર્મૂળ કરવામાં આવે છે.

માનવે જ્યારે જ્યારે શુદ્ધ પ્રેમને પ્રગટ કર્યો છે ત્યારે જીવનને ભવ્ય અને સુંદર બનાવ્યું છે. પણ આ ઉત્કટતા ટકી શકતી નથી કારણ પ્રાણને પોતાના અસ્તિત્વનો સાચો મૂળભૂત હેતુ ખબર હોતો નથી. તે પોતાનું ધ્યેય અજ્ઞાનને કારણે વૈયક્તિક સ્વરૂપનું ધારે છે. પ્રાણનો સાચો હેતુ છે સમગ્ર સૃષ્ટિને પ્રભુ પ્રત્યેની અભીપ્સામાં જોડવી. શુદ્ધ અભીપ્સા નિર્માણ કરવી. એ પ્રાણનું પ્રાથમિક કાર્ય છે, તેણે જ જડ તમોગ્રસ્ત પાર્થિવતત્ત્વમાં ભૂસકો મારી તેને વલોવવાનું કામ શરૂ કર્યું. જેથી તેની દ્વારા પ્રભુપ્રેમની અભીપ્સા પ્રગટ થાય. પ્રભુ કૃપા તરીકે જગત ઉપર પ્રેમ ઢાળે છે જ્યારે જગત અભીપ્સા રૂપે પ્રભુ ઉપર પ્રેમ ઢાળે છે. આ બન્ને પ્રક્રિયા સુસંવાદી રીતે ચાલશે ત્યારે સાચો દિવ્યપ્રેમ પ્રગટ થશે.

માનવ દ્વારા પણ તે આ રીતે પ્રગટ થવા પ્રયત્ન કરી રહ્યો છે. બાળક પ્રત્યે માતાનો પ્રેમ આ તેનો સહુથી પરિચિત દાખલો છે પણ તેમાં માનુષી ભાવનાની સેળભેળ થએલી હોય છે.

દિવ્ય-પ્રેમ જ વિભૂતિઓ વ્યક્તિ સ્વરૂપો ધારણ કરી પોતાને વધારે શુદ્ધ, પૂર્ણ રીતે પ્રગટ કરવા પ્રયત્ન કરી રહ્યો છે. તેને કારણે ભાગવત-પ્રેમને લોકો વધારે સારી રીતે જાણી શકે છે. તેની ઘણી રૂપરંગ છટાઓ નિર્માણ થાય છે. પણ તે બધાનો સમાવેશ પેલા સર્વવ્યાપી નિર્વૈવ્યક્તિક પ્રેમતત્ત્વમાં થઈ જાય છે. માનવી-પ્રેમ જ્યારે પ્રભુ તરફ વળે છે ત્યારે તેને દિવ્ય-પ્રેમનો પરિચય થાય છે.

## નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષ અમારા માનવંતા વાંચકોને આધ્યાત્મિક માનસિક તથા ભૌતિક સુખ, સમૃદ્ધિ, આનંદ તથા તૃપ્તિ અને સંતોષકારક બની ચેતનાના વિકાસના પંથે તેમને અગ્રેસર કરે. જગન્માતાની પરમકૃપાના કૃપાપાત્ર બનાવે એવી પ્રભુ -ચરણે અભ્યર્થના સાથે નૂતન વર્ષાભિનંદન

**-ટ્રસ્ટી મંડળ**

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## અવતરણો

(ભા.૨ - પ્રકરણ - ૫)

૧ અધોમુખ પ્રકૃતિના અશાંત અને તોફાની વંટોળિયાઓમાંથી તે પોતાની જાતને પાછી ખેંચી લે છે. પૃ.૩૮૫

૨ સર્વને વાસુદેવ તરીકે જાણવા અને એ જ્ઞાનમાં પોતાનું જીવન ધારણ કરવું એ આ દિવ્ય જીવનનું રહસ્ય છે. પૃ.૩૮૫

૩ આ પ્રકારના જ્ઞાનની પ્રક્રિયામાં જેનું જ્ઞાન થાય છે તે વસ્તુ, કોઈ બહારનો પદાર્થ નથી, પરંતુ દિવ્યપુરુષ છે, તે આત્મા છે અને આપણા સમસ્ત જીવનનો પ્રભુ છે. પૃ.૩૮૭

૪ પરિણામે માનવના અંતરમાં એક પરમ આત્માની, અનંત પુરુષોત્તમની ભક્તિ પ્રગટે છે. પૃ.૩૯૦

૫ ખરેખરો યજ્ઞ અંતરની સમર્પણ ક્રિયા છે. પૃ.૩૯૨

૬ અગ્નિ એટલે પ્રભુ પ્રત્યે ઊર્ધ્વગતિ કરતી સંકલ્પશક્તિ અને એ સંકલ્પશક્તિ એ જ આપણી અંદર રહેલ પ્રભુ પોતે છે. પૃ.૩૯૨

૭ આ પ્રકારનો બ્રહ્મયજ્ઞ એકીવખતે કર્મ, ભક્તિ અને જ્ઞાનરૂપ બની રહે છે. પૃ.૩૯૩

૮ આત્મામાં રહેલી દિવ્ય પ્રકૃતિનો તેની અપૂર્ણ સ્થૂળ પ્રકૃતિમાંથી વિકાસ કરવાનો છે. તે પ્રભુ સાથે, અને માનવ તથા વિશ્વ સાથે એકતાની અનુભૂતિ વડે સત્ત્તાનું સમગ્ર અને વિશાળ સત્ય માનવે શોધી કાઢવાનું છે. તે સત્યને તેણે જીવનમાં ઉતારવાનું છે, અને પ્રત્યક્ષરૂપે અનુભૂત બનાવવાનું છે. પૃ.૩૯૫

૯ પ્રભુ સિવાય બીજું કાંઈ જ જોવું નહિ, એની સાથે દરેક ક્ષણે યોગમાં રહેવું, સર્વ પ્રાણીમાં એને ભજવો, સર્વ પદાર્થમાં એના આનંદને માણવો, એ પ્રકારની એના આધ્યાત્મિક જીવનની એકમાત્ર શરત હોય છે. પૃ.૩૯૬

### દિવ્ય સત્ય અને તેનો ઉપાસના - માર્ગ

### સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવી રહ્યાં છે કે જીવનની સર્વ શક્તિઓ - ચૈતસિક, મનોમય, પ્રાણમય અને શારીરિક - બધીએ જ પુરુષોત્તમને પામવાની દિશા તરફ ગતિ પકડવી જરૂરી છે.

એ પણ વાસ્તવિકતા છે કે આ જગત દ્વારા તેને પૂર્ણ રીતે પ્રગટ કરવો શક્ય

નથી. તે 'અચિંત્યરૂપમ્' છે અને 'અવ્યક્ત મૂર્તિ' છે. તે આ આવિર્ભાવથી ઘણા ઊર્ધ્વમાં રહેલ છે, તેથી તે પુરુષોત્તમ - ચેતના સર્વાંગપૂર્ણ રીતે આ જગતમાં રહેલ નથી એમ પણ કહી શકાય. તે આ આવિર્ભાવમાં પૂરેપૂરો સમાએલ નથી. પણ આ સમગ્ર આવિર્ભાવ તેની ચેતનાના પટની બહાર પણ નથી (મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ)

ખરેખર તો જગત અને પુરુષોત્તમનો સંબંધ નિશ્ચિત રીતે વર્ણવવો મુશ્કેલ છે. તે સ્થળકાળથી ઊર્ધ્વમાં છે. દિશાથી ઊર્ધ્વમાં છે. તે પુરુષોત્તમે પોતાના દિવ્ય સ્વરૂપો અને સૃષ્ટિઓનો જે વિસ્તાર રચ્યો છે તે સંપૂર્ણ રીતે આધ્યાત્મિક સ્વરૂપનો છે. તે તેનો પોતાનો આત્મવિસ્તાર માત્ર છે. તેમાં આત્મતત્ત્વે લીધેલા આકારો સિવાય કાંઈ નથી. તેને જ સમજાવવાનો શ્રીકૃષ્ણ પ્રયત્ન કરી રહ્યાં છે. (પશ્ય મે યોગમૈશ્વરમ્) આ ભૌતિક જગત તે 'યોગં ઐશ્વર્ય'એ લીધેલ એક ખૂબ જ અધૂરો પ્રગટ થએલો ભાગ માત્ર છે.

તો પછી પુરુષોત્તમે આ જગતને કેવી રીતે રચેલ છે ? શ્રીકૃષ્ણ કહે છે કે તે અગમ્ય, અવર્ણનીય, આધ્યાત્મિક ઐશ્વર્ય-યોગે દરેક વસ્તુમાત્રને આત્મતત્ત્વ તરીકે આધાર આપેલો છે. આવા આધાર આપનાર અંશને જ પુરુષોત્તમ પોતાના અંશ તરીકે ગણાવે છે. (મમાત્મા)

તે આત્મતત્ત્વે જ તે ભૌતિક અસ્તિત્વને સંકલ્પબળે ટકાવી રાખેલ છે. (ભૂતભૃત ૯/૫) પણ તેમ હોવા છતાં તે અંશ તે ભૌતિક અસ્તિત્વમાં જ કેદ થએલ નથી (ન ચ ભૂતસ્થે ૯/૫) તેણે તે ભૌતિક અસ્તિત્વની મર્યાદાઓ સ્વીકારેલી નથી તેણે પોતાને પુરુષોત્તમથી અળગો કરેલ નથી. તે અંશે જ તે પ્રકારે ભૌતિક વસ્તુ રચાય એવો સંકલ્પ કરેલ છે. એવી ભાવના કરેલ છે (ભૂતભાવનઃ ૯/૫)

તેથી યોગી જેને પણ આવો પુરુષોત્તમનો સ્પર્શ મળેલ છે તે, તે પુરુષોત્તમ તરફ પોતાનાં જીવનની બધી શક્તિઓને એકાગ્ર કરીને તેની સાથે એકરૂપ થઈ શકે છે. તેનું પ્રતિબિંબ પોતાના ચિત્તમાં પાડી તેની સાથે એકરૂપતા, તાદાત્મ્ય સાધી શકે છે. આવો અદ્વૈત-સંબંધ આપણે સ્થાપી શકશું તો જ પુરુષોત્તમ ચેતનાને પ્રાપ્ત કરી શકશું. તેથી પુરુષોત્તમ 'અચિંત્યરૂપં' હોવા છતાં તે અપ્રાપ્ય નથી પણ તેને મેળવી શકાય છે.

આવો સંપર્ક સ્થપાય છે ત્યારે કેવી અનુભૂતિઓ આવે છે ? પ્રથમ તો તે ઈશ્વર આપણાથી જુદો પણ ખૂબ જ મહાન વાસ્તવિકતા છે એવા સંવેદનો આપણામાં જાગે છે. કારણ તે પુરુષોત્તમ ઊર્ધ્વમાં રહેલ છે, એ એક આધ્યાત્મિક વાસ્તવિકતા છે.

પુરુષોત્તમ જુદો લાગવાનું બીજું પણ એક કારણ છે. આપણે જગત અને

પુરુષોત્તમને જુદાં ગણીએ છીએ અને જગતની વાસ્તવિકતા અનુભવીએ છીએ. તેવી વાસ્તવિકતા હજી પુરુષોત્તમની અનુભવી શકતા નથી. ફક્ત એક આધ્યાત્મિક - સત્ય આપણે બરાબર સમજી ગએલા હોઈએ છીએ કે આપણા જીવનનો આધાર પુરુષોત્તમ પ્રભુ જ છે. આ બીજા પ્રકારની અનુભૂતિ છે.

ત્રીજી અનુભૂતિ એ દર્શાવે છે કે કોઈક ગૂઢ રીતે આ જગતનો આધાર પણ પુરુષોત્તમ પોતે જ છે કોઈક રીતે જગત તેનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરી રહ્યું છે. આગળ જતાં સમજાય છે કે પુરુષોત્તમની જે આત્મપ્રભા છે, આત્મપ્રકાશ છે તે ભૌતિક અણુઓમાં અણુશક્તિ અને શારીરિક કોષોમાં 'ઓજસ' રૂપે શક્તિરૂપો લઈને આ સર્જન કરતું હોય છે. આ ઓજસનો જ આવિર્ભાવ જીવન છે એમ પંદરમા અધ્યાયમાં જણાવેલ છે (ધારયામ્યહમોજસા)

ચોથી વધારે પ્રગત અનુભૂતિ એ હોય છે કે આપણી સત્તા (અસ્તિત્વ) અને પુરુષોત્તમની સત્તા એક જ છે અને તે આત્મસ્વરૂપે છે. આ અનુભૂતિ પછી સમગ્ર જગત આપણને ચેતનવંતુ, આત્માએ લીધેલ સાકાર સ્વરૂપો તરીકે અનુભવવાની શરૂઆત થાય છે. સર્વત્ર આત્મતત્ત્વ જ વિલસતું લાગે છે. આ આત્મવિલાસમાં એવું જણાય છે કે આ દર્શનમાં આત્મતત્ત્વનું એક પાસુ અવિચલ, નિરાકાર, નિર્ગુણ સ્વરૂપે લાગે છે અને તે જ સક્રિય, સાકાર સ્વરૂપો ધારણ કરીને પ્રગટ થતું લાગે છે. પ્રથમ પાસાને ગીતા અક્ષરપુરુષ કહે છે, બીજાને ક્ષરપુરુષ. આને સર્વેશ્વરનું દર્શન કહેવામાં આવે છે. પણ અસ્તિત્વ આમાં જ પૂરેપૂરું આવી જતું નથી. આ બન્ને પાસાથી ઊર્ધ્વમાં પણ તે વિસ્તરેલું છે. વિશ્વ અને વ્યક્તિ બન્ને તેની આંશિક અભિવ્યક્તિ માત્ર છે. ઉપરની અનુભૂતિને 'વાસુદેવ સર્વમિતિ'નો સાક્ષાત્કાર પણ કહે છે.

ઊર્ધ્વમાં જે પુરુષોત્તમ ચેતના છે તેમાં સાકારતા નિરાકારતા બન્ને છે. વિવિધતા પણ છે અને એકતા પણ છે. તે બધું જ શાશ્વત છે ત્યાં સર્જન-પ્રક્રિયા નથી. જેમાં જે નથી તે નિર્માણ કરવામાં આવે છે ત્યાં સ્વરૂપો - આકારો બદલાય છે પણ તે આત્મતત્ત્વ તરીકે જ રહે છે. બધું આત્મતત્ત્વનાં તરંગ રૂપે હોય છે. આકાશમાં જેમ વાયુની લહેરીઓ નિર્માણ થાય તેવી આ ઘટના છે. દરેક લહેરીમાં આકાશ તત્ત્વ હોય જ છે અને તે લહેર વિલીન થતાં નષ્ટ થતું નથી. તે નિર્લેપ રહે છે તેમ આત્મ તત્ત્વ નિર્લેપ રહેલું છે અને તેની આત્મશક્તિ વિવિધ આકારો રચે છે, વિલીન કરે છે (યથાકાશ સ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્, તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીભુવધારય - ૯.૬)

(પૃ.૩૧ ઉપર)

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - શ્રી કે.કે.ખખ્ખર

**(લેખ ક્રમાંક - ૫)**

## આત્મલક્ષી યુગ

માનવવિકાસના તર્ક અને વ્યક્તિવાદી યુગ દરમ્યાન સાધવામાં આવેલી અભૂતપૂર્વ ભૌતિક પ્રગતિને વૈયક્તિકયુગને જ કેન્દ્રમાં રાખે અને અંગત હિતને પ્રાધાન્ય આપીને સમાજના હિતને બાજુએ મૂકે તો વ્યક્તિ સારાસારનો વિવેક ગુમાવે છે. અંતઃપ્રેરણાનું સ્થાન માત્ર બુદ્ધિ લે છે. પરંતુ શ્રી અરવિંદે સમજાવ્યું કે તર્ક અને વ્યક્તિવાદી યુગમાં વ્યક્તિ તદ્દન સ્વતંત્ર, અલાયદું કે સંબંધ-વિહિન પ્રાણી નથી. તે સમાજનું અંગ છે, સમાજનો પર્યાય નથી. આથી સમાજનાં હિત, તાલમેળ, શિસ્ત કે વ્યવસ્થાની વાત આવે ત્યારે સ્વાભાવિક રીતે જ વ્યક્તિના સ્વાતંત્ર્યને અંકુશમાં રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જે વ્યક્તિ સ્વાતંત્ર્યે તમામ શોધખોળો અને જાગૃતિને જન્મ આપ્યો તેને જ અંકુશિત કરવાની આ વાત હતી. શ્રી અરવિંદે સ્પષ્ટ કર્યું કે માનવવિકાસમાં તાર્કિકતા અને વ્યક્તિવાદનો યુગ એ છેવટનો યુગ નથી. તેમણે ઉમેર્યું કે માનવસમાજે નર્યા વ્યક્તિવાદના યુગમાંથી આત્મલક્ષિતા (સબ્જેક્ટીવીટી)ના યુગમાં જવું અનિવાર્ય છે.

**આત્મલક્ષી યુગનું આગમન :**

માનવવિકાસ ચક્ર અંતર્ગત શ્રી અરવિંદે એવી વિશિષ્ટ અને આગવી સમજણ આપી કે યુરોપે તર્ક અને આત્મલક્ષિતાના યુગ દ્વારા જે સત્યો શોધી કાઢ્યાં તે ભૌતિક સ્વરૂપના કે બાહ્ય અથવા વસ્તુલક્ષી સ્વરૂપના હતા. બુદ્ધિ કે તર્કની મદદથી જે સત્યો શોધી શકાયા તેથી વધુ કશું જ શોધી શકાયું નહીં. બુદ્ધિની શક્તિથી આગળ, તર્કાતિત સત્યની શોધ તો હજુ બાકી જ રહી જવા પામી હતી. આ માટે માનવસમાજે આત્મલક્ષી યુગના પ્રદેશમાં જવું અનિવાર્ય બન્યું.

શ્રી અરવિંદ સ્વીકારે છે કે પશ્ચિમના વ્યક્તિવાદે પૂર્વના સમાજને ગાઢ નિદ્રામાંથી જગાડી દીધો. આથી પૂર્વના જૂના પરંપરાવાદનું ક્રમશઃ ધોવાણ શરૂ થયું. આથી એક નૂતન સામાજિક ક્રમની રચના શક્ય બની.

અલબત્ત શ્રી અરવિંદે ખૂબીપૂર્વક પશ્ચિમ અને પૂર્વના વ્યક્તિવાદ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી બતાવ્યો છે. તેમણે કહ્યું કે પૂર્વનો વ્યક્તિવાદ પશ્ચિમના વ્યક્તિવાદની તુલનાએ વધુ પડતો તર્ક-આધારિત નહીં હોય. પૂર્વની જાગૃતિ પોતાની આગવી હશે.

પૂર્વના સમાજમાં જે પરિવર્તન આવશે, તેનો પાયો યાંત્રિક અર્થવાદનો બનેલો નહીં હોય. અર્થાત્ નર્યો ભૌતિકવાદી નહીં હોય. પૂર્વમાં જે જોવા મળશે તે વ્યક્તિલક્ષિતાથી આગળ આત્મલક્ષી હશે અને આવું પરિવર્તન વ્યવહારુ તત્ત્વજ્ઞાનની મદદથી થશે. શ્રી અરવિંદ જણાવે છે તેમ આત્મલક્ષી યુગ દરમ્યાનના પૂર્વનાં પરિવર્તનોની વ્યાપક અસર સમગ્ર વૈશ્વિક સમાજ પર જોવા મળશે.

શ્રી અરવિંદે પૂર્વના વ્યક્તિવાદને આત્મલક્ષિતા સંદર્ભમાં તપાસવાનું પસંદ કર્યું છે. પશ્ચિમના વ્યક્તિવાદનો એક સ્વીકૃત વિચાર લોકશાહી વ્યવસ્થાનો અને વ્યક્તિના અધિકારનો છે. આથી સામાજિક વિષમતાઓ કે અન્યાયોની વ્યવસ્થા પણ અસ્તિત્ત્વમાં આવે છે. પરંતુ તેને આદર્શ વ્યવસ્થા તરીકે સ્વીકારી શકાય નહીં. નૂતન સામાજિક વ્યવસ્થામાં સામાજિક વિકાસ અને કલ્યાણનો અર્થ તમામ લોકોના વિકાસ અને કલ્યાણનો જ હોઈ શકે.

**આત્મલક્ષિતાનો શ્રી અરવિંદનો અર્થ :**

શ્રી અરવિંદ ખૂબ મહત્ત્વની રીતે એ સ્પષ્ટ કરે છે કે વ્યક્તિનું અસ્તિત્ત્વ, તેના અધિકારો કે દાવાઓ તો માત્ર સામાજિક એકમ હોવાના નાતે જ નહીં પરંતુ તેના પોતાના નિજી, મૂળભૂત કે 'આત્મગત' (સબ્જેક્ટીવ) અસ્તિત્ત્વને નાતે છે. તે પોતાની અંદર જ એક આત્મ-સ્વરૂપ છે, જેને તેનું 'હોવું' (being) કહી શકાય. વ્યક્તિએ તેના આ આત્મ-સ્વરૂપને પરિપૂર્ણ કરવાનું છે. તેણે સામૂહિક અસ્તિત્ત્વના નિયમ અને સત્યના એક હિસ્સા તરીકે પોતાના નિજી અસ્તિત્ત્વ કે સત્યને ચરિતાર્થ કરવાનું છે. આથી જ આ દિશામાં પોતાના આત્મા માટે મુક્તિ કે મોકળાશની માંગ કરે છે. સામાજિક ઐક્ય અને સામાજિક ન્યાયના વિચારને પશ્ચિમે બૌદ્ધિક માન્યતા આપી છે તે ખરું. પરંતુ તેના મૂળ ભારતના આધ્યાત્મિક વિચારના પ્રદેશમાં રહેલા છે. શ્રી અરવિંદ જણાવે છે કે વ્યક્તિની આત્મલક્ષિતાના પ્રદેશમાં રહેલા સામાજિક ઐક્યના ભારતીય વિચારે માનવજાતિના ભાવિના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા અદા કરવાની છે.

## માયામાં ઈશ્વરને જોડો

તેણે મને કહ્યું : તમને એવો ડર નથી લાગતો ?

મેં કહ્યું, ના જરાપણ નહિ. કારણ કે ત્યાં મેં મારાં ઈશ્વરને રાખ્યો છે. જો હું સ્ત્રીઓમાં ઈશ્વરને ન રાખું તો એ બધું માયાવી બની જાય. જગતની માયામાં ઈશ્વરને જોડી દેવાથી માયાને તરી જવાય છે. સ્ત્રીમાં ઈશ્વરને જોડી દેવાથી તે માયામાંથી માતા બની જાય છે. **-ભૂપેન્દ્ર ત્રિવેદી**

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા**

There is unity..... Vast sky.
(Savitri - B-1, C-3, P-31-32)

## પ્રગટ પરમાત્મા

પ્રકરણ - ૮૩

પ્રભુએ - પરમચેતનાએ પોતાને અંગત આવિર્ભાવો દ્વારા પ્રગટ કર્યા છે. દરેકનાં રૂપરંગ, સ્વભાવ, કાર્ય અને કાર્યશૈલી, જીવન-કાળ અલગ અલગ, આવી વિવિધતા પણ પ્રભુની અખંડિતતા, એકરસતા, એકાત્મતા, તાદાત્મ્યભાવને ઉની આંચ આવવા દેતી નથી. વિવિધતા અને એકતાથી પ્રભુ પર છે. ધારે ત્યારે વિવિધતા કે એકતા પ્રગટ કરે છે અને તેમને પાર્શ્વભૂમિમાં પણ ધકેલી શકે છે. તેને તેનું કોઈ બન્ધન નથી.

એકતા વ્યવહારમાં બે સ્વરૂપની હોય છે. વિભિન્ન વસ્તુઓમાં રહેલી સમાનતા એકરૂપતા લાવે છે. કાગડા બધા કાળા હોવાથી કાગડાઓ બધા એક સ્વરૂપનાં જ છે એમ કહેવાય છે અને છતાં દરેક કાગડાનો સ્વભાવ, તેની આજુબાજુની પરિસ્થિતિ, તેનાં સુખદુઃખ અલગ અલગ હોય છે. આવી સમાનતા ઉપર આધારિત એકતા એ એકતાનો એક પ્રકાર છે. સૈન્ય એક જ હોય છે, પણ તે ભિન્ન ભિન્ન સૈનિકોની સમાન શિસ્ત, કપડાં, હાલચાલ અને એકબીજાને પૂરક કાર્ય કરવાથી સૈન્ય એક લાગે છે. આ ભેદમાંની સમાનતાને કારણે નિર્માણ થએલ એકતા છે.

બીજી એક એકતા છે તે આના કરતાં વધારે મૂળભૂત હોય છે. ફક્ત બાહ્ય સમાનતા જ નહિ, આંતરિક સમાનતાને કારણે તેઓ એકરૂપતા અનુભવે છે. તેઓ આંતરબાહ્ય સ્વરૂપે એકરૂપ હોય છે અને તેથી અખંડ અને એકરસ બની જાય છે.

પરમાત્મા જ્યારે ઊર્ધ્વમાંના જગતોમાં પ્રગટ સ્વરૂપે રહેલાં હોય છે, ત્યારે ત્યાંના વ્યક્તિઓ વચ્ચે એકાત્મકતાભાવ એટલો ગાઢ હોય છે કે તે એકતા માનવબુદ્ધિને સમજવી મુશ્કેલ લાગે છે. તે ક્યા પ્રકારની છે તે શોધી કાઢવી અને તેના સ્વરૂપને સમજવું મુશ્કેલ લાગે છે. ત્યાં વિવિધતા અને એકરૂપતા વિરોધી નથી લાગતાં. પણ એકબીજાની આંતરિક સમૃદ્ધિ છે અને એકાત્મકતા એ વિવિધતાનું સત્ય છે. આમ સત્ય પોતાની સમગ્ર સમૃદ્ધિ સાથે પ્રગટ અવસ્થામાં હોય છે. સત્યની ગહનતા અને અનંત પાસાઓ ધીમે ધીમે ખ્યાલમાં આવે છે. આ જ ચેતનાનો વિકાસ કહેવાય છે. સત્યનું પ્રગટીકરણ કહેવાય છે.

આ સત્યની અખંડિતતા અને તાદાત્મ્યને કારણે તેનો એક અંશ અથવા પાસું બીજા અંશ કે પાસા સાથે જ પ્રેમના તંતુથી જોડાએલ હોય છે. તે પ્રેમના તંતુમાં એકરૂપતાની એક તીવ્ર અભીપ્સા હોય છે. એકબીજામાં ભળી જવાની તે અભીપ્સા હોય છે. તેથી એમ લાગે છે ત્યાં એક પાસું બીજા પાસા સાથે પ્રેમથી જોડાએલું લાગતું નથી પણ સમગ્ર સત્ય પોતે જ પોતાના

પ્રેમમાં છે એમ લાગે છે. એક જ વસ્તુ પોતાની એકતાને પ્રેમથી જોતી હોય એવું લાગે છે. શ્રી અરવિંદ લખે છે કે

There unity is too close for search and close
And love is a yearing of the One for the One.

શ્રી અરવિંદ One નો આદ્યાક્ષર કેપિટલ કરીને તે "One" એટલે પ્રભુ પોતે જ છે એવું સૂચવે છે.

અને તે સત્ય જ આંતરિક સૌંદર્ય પ્રગટ કરે છે. તે શું છે ? શું તે વિવિધતા નથી ? કારણ સૌંદર્યમાં વિવિધતામાં એકતાનાં દર્શન હોય છે. વિવિધ અંતે જ્યારે સુસંવાદી રીતે ગોઠવાઈને એકતા અને એકમ સર્જે છે ત્યારે ત્યાં સૌંદર્ય પ્રગટ થાય છે.

સુંદરતાની ભાવના પાછળ એક આધ્યાત્મિક સત્ય છુપાયેલું છે. પ્રભુ એક રસ છે, અખંડ છે, અસીમ છે, નિરાકાર છે. આ ચેતનાનો મૂળભૂત સ્વભાવ જ્યારે પ્રગટ થાય છે ત્યારે ચેતનામાં આનંદ પ્રગટે છે. (ભૂમા વૈ સુખમ્) પ્રભુમાં અનંતતા પણ છે. આ આ અનંતતા પણ વિવિધતા સ્વરૂપે પ્રગટ થઈ પેલી અસીમ એકતામાં કોઈ પણ મર્યાદા નિર્માણ કર્યા વગર, પેલી એકતા અને અસીમતાને ખંડિત કર્યા વગર તેને વધારે સમૃદ્ધ કરે છે ત્યારે સૌંદર્ય પ્રગટ થાય છે. સૌંદર્ય એટલે એકતા અને વિવિધતાનો સુભગ સંગમ હોય છે. વિવિધતા છતાં એકતાનાં દર્શન એ પ્રભુની અસીમતા, અમર્યાદ શક્તિનો પરિચય કરાવે છે. પ્રભુ માનવને વિરોધી લાગતી ઘટનાઓને પણ સંવાદમાં ગોઠવી આપવાની ક્ષમતા ધરાવે છે તેનો આ પુરાવો છે. આવા સૌંદર્ય બાબત શ્રી અરવિંદ જણાવે છે કે

And beauty is a sweet difference of the Same

ઉપર કહ્યું તેમ વિવિધતાનું સત્ય એટલે એકતા અને સત્ય એટલે જ પ્રભુ પોતે - પરમાત્મા પોતે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

And oneness is the soul of multitude

આમાં વિવિધતામાંની દરેક વસ્તુ પણ સત્ય હોય છે અને એકતા પણ સત્ય જ હોય છે. શ્રી અરવિંદ જણાવે છે કે

There all the truths unite in a single truth.

શ્રી અરવિંદ આગળ જણાવે છે કે વિવિધતા એ ફક્ત ભૌતિક સ્વરૂપની જ હોતી નથી. તે ભાવનાત્મક અર્થાત્ પ્રાણમય સ્વરૂપની પણ હોઈ શકે છે અને વૈચારિક સ્વરૂપની અર્થાત્ મનોમય સ્વરૂપની પણ હોઈ શકે છે. તેથી છેક ભૌતિક વસ્તુ, દરેક ભાવના, દરેક વિચાર પણ સત્ય જ છે. પ્રભુનું રૂપ જ છે. આપણે વ્યવહારમાં આપણને ઉપયોગી હોય તેને સાચું, નિરૂપયોગી હોય તેને અસત્ય ગણીએ છીએ. અથવા ભૌતિક વસ્તુને જ સત્ય ગણીએ છીએ. આ બધી ખોટી કલ્પના છે. વસ્તુમાત્ર પ્રભુ જ એ જ સત્ય છે પછી તે ભૌતિક હોય, પ્રાણમય હોય કે મનોમય હોય આ બધું સત્ય જ છે, પ્રભુના જ વિવિધ આવિર્ભાવો છે, પ્રભુના જ પ્રગટીકરણ છે તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

And all ideas rejoin Reality

ફરીવાર તે સત્યનું રૂપ ધારણ કરવા માંડે છે. પહેલા આપણે જેને કલ્પના માત્ર ગણતા

હતા. તેને હવે પ્રભુના એક આવિર્ભાવ સ્વરૂપે અનુભવીને તે પણ સત્ય જ છે એમ ગણતા થઈએ છીએ.

ઊર્ધ્વલોકમાં બધું જ સત્ય હોય છે કારણ બધું જ પ્રગટ પરમાત્મા હોય છે ત્યાં જાણવું એટલે આત્મા આત્માને જ જાણતો હોય છે, અસીમ આત્મા પોતાના સીમિત આવિર્ભાવને જાણતો હોય એમ લાગે છે. શ્રી અરવિંદ અસીમ - આત્માને "termless self" તરીકે વર્ણવીને જણાવે છે કે

There knowing herself by her own termless self.

આ જ વિજ્ઞાન છે. વિજ્ઞાનમય ચેતના છે. વિજ્ઞાન એટલે જ જ્ઞાન. સર્વાગપૂર્ણ શુદ્ધ છે, વિમલ છે તે 'વિમલંજ્ઞાનં વિજ્ઞાનમ્' આવું વિજ્ઞાન દિવ્ય હોય છે. શબ્દાતીત હોય છે.સર્વાંગપૂર્ણ હોય છે. તે અનન્ય હોય છે. પ્રશાંતિમાં જ તે પ્રગટ થતું હોય છે. શ્રી અરવિંદ જણાવે છે કે

Wisdom supernal, wordless, absolute.<br>
Sat uncompainioned in the eternal Calm.

તે વિજ્ઞાનમય ચેતના બધું જ જાણતી હોય છે, છતાં પોતે અચલ હોય છે, અને એક જ અનન્ય હોય છે. 'એકં એવં અદ્વિતીયમ્' હોય છે. ત્યાં પોતાને થએલું જ્ઞાન પ્રગટ કરવા શબ્દોની જરૂર પડતી જ નથી. તે જ્ઞાન અનંત આત્માના પ્રદેશમાં જ સ્થિર થઈને વિહરતું હોય છે. તેને પોતાના આ મુક્ત વિહારનો કોઈ વખત કંટાળો પણ આવતો નથી. સ્વયંતૃપ્ત હોય છે. તેથી શબ્દોદ્વારા પ્રગટ થવાની અને ઉત્સ્ફૂર્ત અને પ્રભાવી શબ્દોના ગૃહમાં રહેવાની તેની માંગણી પણ હોતી નથી, કે જ્યાં તે આરામથી રહી શકે અને જે પણ તે પ્રેરણાત્મક શબ્દો વાંચે તેના હૃદયમાં પોતે ઝંકૃત થઈ ફરી પ્રગટ થાય. કારણ તે જાણે છે આવા શબ્દો પણ પ્રભાવી હોય છતાં તે શબ્દોનો અર્થ સીમિત, બંધિયાર હોવાથી તે વસ્તુનું પૂર્ણ સત્ય પ્રગટ કરી જ શકતાં નથી. તે વસ્તુના કોઈ એક પાસાને જ પ્રગટ કરી શકે છે તેની અર્થ-ગ્રહણ કરવાની અને પ્રગટ કરવાની બારી સાંકડી હોય છે. તેથી તેના પ્રભાવી શબ્દો પણ brillant Idea પણ આખરે પ્રભુની અસીમ ચેતનાના નાનકડા એક અંશને જ પોતાની સાંકડી બારીમાંથી જોઈ શકે છે, સમગ્ર ચેતનાને નહિ. શ્રી અરવિંદ અહીં શબ્દોના સંકુચિત અર્થને single window's clipped outlook" તરીકે વર્ણવે છે અને પરમાત્માની અસીમ ચેતનાને "God's Vast Sky" તરીકે વર્ણવે છે, તેથી તેઓ જણાવે છે કે

All seeing, motionless, sovereign and alone.<br>
There knowledge needs not words to embody Idea;<br>
Idea seeking a house in boundlessness,<br>
Weary of its homeless immortality,<br>
Asks not in thought's carved brilliant cell to rest<br>
Whose single window's clipped outlook on things<br>
Sees only a little arc of God's vast Sky.

આવી છે વિજ્ઞાનમય ચેતના જે પ્રભુના અસીમ સત્ય અને સ્વરૂપને પ્રગટ કરતી હોય છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ -૪
## અધિમનસ અને અતિમનસ - અવતરણો

(ભાગ૧, પૃ. ૨૬૮ - ૨૭૩)


૧ અતિમનસ અવિભક્ત જ્ઞાન છે પૃ.૨૬૮
૨ પરમ-તત્ત્વની એક ક્રિયાત્મક અનુભૂતિ પણ છે. પૃ.૨૬૮
૩ જગતનું પૂર્ણ ક્રિયાત્મક સત્ય અતિમનસ સિવાય બીજી કોઈપણ પ્રક્રિયાની ચેતનાથી પકડી શકાય તેમ નથી. પૃ.૨૬૮
૪ પરમાત્માનો અંગત સાક્ષાત્કાર કેટલીક વખત સાકાર પણ હોઈ શકે. પ.૨૬૯
૫ હું પરાવૈશ્વિક વાસ્તવિકતા એટલે પરમ સચ્ચિદાનંદ એમ કહેવા માંગું છું પૃ.૨૭૦
૬ હું અતિમનસ એટલે ઋત-ચેતના કહું છું. પૃ.૨૭૦
૭ અધિમનસ અતિમનસનું એક પ્રતિનિધિ છે. પૃ.૨૭૧
૮ જો વિષ્ણુનું અથવા કૃષ્ણનું જગત છે (વૈકુંઠ, ગોલોક) તો સ્વાભાવિક રીતે જ તેનું સ્થાન..... આપણે અધિમનસની ભૂમિકામાં શોધવા પડે. પૃ.૨૭૩


### સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

અતિમનસ શક્તિનું સ્વરૂપ તદ્દન જુદું જ છે. ચેતનાના વિવિધ એકથી એક ઊર્ધ્વ શિખરો છે. દરેક શિખરથી સહુથી ઊર્ધ્વમાં રહેલ સત્-ચિત્ આનંદનું શિખર જુદા જ સત્ય તરીકે જણાય છે અને તેમાંથી મળેલી પ્રેરણાઓનું સ્વરૂપ પણ જુદા જ પ્રકારનું લાગે છે અને તેથી તેમાંથી રચાતી ક્રિયા અને કાર્યો પણ જુદાં જ સ્વરૂપનાં રચાય છે. દા.ત. અધિમનસની ચેતનાના શિખર ઉપરથી જ્ઞાન એકતામાંથી વિભાજન કરતું લાગે છે અને વિભાજનને મૂળ હકીકત ગણાવે છે. જ્યારે અતિમનસના શિખરેથી જ્ઞાન અવિભક્ત જ લાગે છે. ત્યાં એકતાને મૂળ હકીકત ગણવામાં આવે છે. આને કારણે બન્નેની જ્ઞાનાર્જન પ્રક્રિયામાં જ તફાવત પડી જાય છે.

આ તફાવત પડવાનું કારણ એ હોય છે કે જ્ઞાન સાથે ક્રિયાત્મક પ્રત્યક્ષ અનુભૂતિ પણ તે જ્ઞાનને સમગ્ર રીતે સમજવા, જ્ઞાનને અનુભવ સિદ્ધ જ્ઞાનમાં રૂપાંતરિત કરવા જરૂરી હોય છે. આ ક્રિયાત્મક અનુભૂતિમાં તફાવત પડતા જ વિજ્ઞાનમાં, અનુભવસિદ્ધ જ્ઞાનમાં અલગ અલગ ભાત રચાય છે. સત્-ચિત્-આનંદનું જ્ઞાન તો બધી જ ભૂમિકાઓ ઉપરથી સરખું જ મળતું હોવા છતાં તેનો જીવનમાં કેવી રીતે

ઉપયોગ કરવો તેમાં તફાવત પડતો જાય છે.

ઉપનિષદોમાં આ તફાવત સમજાવવા એક દૃષ્ટાંત આવે છે. બ્રહ્મદેવે દેવો, દાનવો અને માનવોને સરખો જ ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું જીવનમાં 'દ' લાવો. દેવોને 'દ' એટલે દમ (ઈન્દ્રિયનિગ્રહ) લાગ્યો. દાનવોને 'દ' એટલે 'દાન' લાગ્યું. માનવોને દ એટલે 'દયા' લાગી. ત્રણેના જીવનમાં જુદી જુદી ક્રિયાઓ અને પ્રયત્નો થયાં. બસ આવું જ વિવિધ અર્થઘટન સત્-ચિત્-આનંદના જ્ઞાન બાબતમાં થાય છે. ફક્ત અતિમનસ કક્ષાએ જ તે સહુથી વધારે સાચું અને વાસ્તવિક રહે છે. ત્યાં જ સ્થિર અચલ સત્-ચિત્-આનંદનું જ્ઞાન અને બદલાતા જગતમાં તેનું સાચું અર્થઘટન કરીને યોગ્ય ઉપયોગ આ બન્નેમાં સુસંવાદ રચાય છે. સારાંશ સત્-ચિત્-આનંદનાં નિષ્ક્રિય અને સક્રિય પાસાનાં જ્ઞાનમાં પૂર્ણ સંવાદ અને એકતા રચાય છે. આવી પૂર્ણ સુસંવાદી સ્થિતિ જ સાચું અને પૂર્ણરૂપાંતર જગતનું કરી શકશે. અહીં રૂપાંતર એટલે જગતમાંના જીવનને એવું શુદ્ધ અને દિવ્ય બનાવવું કે તે સત્-ચિત્-આનંદનો જીવનપ્રવાહમાં સાચો, પૂર્ણ અને કાયમી આવિર્ભાવ શક્ય બનાવી શકે.

આવા આવિર્ભાવો પણ સરખા જ હોતા નથી. પરમાત્મા સાકાર, નિરાકાર, સક્રિય, નિષ્ક્રિય, વૈયક્તિત, નિર્વૈયક્તિક આવા વિવિધ રૂપે જીવનમાં પ્રગટ થઈ શકે છે તેના નીચેના દાખલા છેઃ

૧ રૂપધારી દિવ્યહાજરી તરીકે હૃદયમાં દેખાવા.

૨ આવાં જ રૂપો ભ્રૂમધ્યમાં કે મસ્તકની ઉપર કે બહાર પણ દેખાય.

૩ ઊર્ધ્વમાંથી મળતા માર્ગદર્શન તરીકેનો અનુભવ.

આ પ્રકારની અનુભૂતિઓનો ફાયદો એ છે કે તેથી જીવનમાં માર્ગદર્શન મળે છે, આંતરદર્શન થાય છે અને તેથી પ્રભુની દિવ્ય-હાજરી ખૂબ જ સઘન, વાસ્તવિક અને શંકાથી પર લાગે છે. ગેરફાયદો એ છે કે આવી ભ્રામક અનુભૂતિઓ રચવાની ક્ષમતા અદિવ્યશક્તિઓમાં પણ હોય છે અને તેઓ દિવ્ય-અનુભૂતિઓના ઓઠા નીચે વ્યક્તિને ભરમાવી પોતાના હાથા કરી નાખે છે. દા.ત. હિટલર સામે શેતાન દિવ્ય દેવદૂત તરીકે પ્રગટ થતો હતો. પણ આ માટે સાધકમાં જ મિથ્યા ગર્વ, તૃષ્ણા કામનાના દોષો પ્રથમથી જ હોય છે. તે જ આસુરી શક્તિઓનું પ્રવેશદ્વાર બની જાય છે. આનું નિવારણ એટલે ચૈતસિક પ્રકાશને બોલાવીને પોતાને સંરક્ષણ આપવામાં જ રહેલ છે. ઘણા સાધકોનો ખોટો ખ્યાલ છે કે અતિમનસ ચેતના વિશ્વાતીત ચેતના છે. અતિમનસ ચેતના જો વિશ્વાતીત ચેતના હોય તો તેનું વિશ્વમાં અવતરણ શક્ય ન બને અને તેથી અતિમનસ જગતની ભૌતિક સ્તરે રચના કરવી પણ અશક્ય બની રહે. સત્-ચિત્-આનંદ એ પરાત્પર પ્રભુ જ વિશ્વાતીત છે તે બધા આવિર્ભાવોથી પર છે પણ તેમાંથી વિવિધ જગતોનાં આવિર્ભાવ થતાં હોય છે.

અતિમનસ ચેતના એ ઋત-ચેતના છે. તે વિશ્વાતીત ચેતના અને વિશ્વચેતનાને જોડનારી ચેતના છે. તે એક બાજુ બધા આવિર્ભાવોથી પર છે તો બીજી બાજુ બધા આવિર્ભાવોમાં બીજ સ્વરૂપે ઋતમ્ તરીકે રહેલી છે. 'ઋતમ્' (બીજ અવસ્થા) વિશ્વાતીત ચેતનામાં પણ છે અને વિશ્વમય ચેતનામાં પણ ઋતમ્ના સંદર્ભમાં જ કહ્યું છે કે 'સર્વંખલું ઈદં બ્રહ્મ' અથવા 'વાસુદેવમિતિ'. બ્રહ્મ જ બધાનું ઋતમ્ સ્વરૂપે સારતત્ત્વ છે. તેને જ 'તત્' કહેવાય છે. તે આત્માના પ્રકાશ સ્વરૂપે હોય છે. આ આત્માનો પ્રકાશ એ જ અતિમનસ પ્રકાશ છે. તે પ્રકાશમાં આવિર્ભાવ કરવાની શક્તિ હોવાથી તેને જ અતિમનસ-શક્તિ કહે છે. તેના ઉપર અજ્ઞાનનો પરિણામ થતો નથી. કારણ તે પ્રકાશમય છે. આત્માની સભાનતા સ્વરૂપ જ છે તે જ્ઞાનસ્વરૂપા છે તેથી તે જગતમાં અવિરોધ્ય, અજેય, શક્તિ બની જાય છે. આપણા મન, પ્રાણ, શરીર હજી અજ્ઞાનગ્રસ્ત છે. તેથી તેનાથી તો પર છે એમ આપણે કહીએ છીએ. અતિમનસ શબ્દનો આ અર્થ છે.

અધિમનસ એ અતિમનસ કરતાં નિમ્ન કક્ષાની ચેતના છે. તે અતિમનસનાં લગોલગ નીચેની બાજુએ આવેલી છે પણ તે અજ્ઞાનનો સમૂળો નાશ કરી શકતું નથી. આજનું જગત એ તેણે રચેલું છે. તેથી અચિત્નો હજી આ જગત ઉપર પ્રભાવ પડેલો છે. અચિત્ના કારણે ચેતના ક્રમશઃ ધીમે ધીમે ભૌતિક સ્તરે ઉત્ક્રાંત થઈ રહી છે. પ્રભુનું તેવું આયોજન હોવાથી અતિમનસનો સીધેસીધો પ્રભાવ હજી સુધી પડવા દીધેલો નહોતો. હવે તૈનો પ્રભાવ પડવાની શરૂઆત થએલી છે.

સત્-ચિત્-આનંદ અને મહસ અથવા બૃહત (અતિમનસ) એ બ્રહ્માંડનાં દિવ્ય ઊર્ધ્વ ગોલાર્ધ છે અને મન, પ્રાણ અને પાર્થિવ તત્ત્વનો બનેલો નિમ્ન ગોલાર્ધ તે અચિત્ના પ્રભાવ નીચે છે. અધિમનસને પ્રકાશ તો અતિમનસમાંથી જ મળે છે, પણ અધિમનસ તેને વિભાજિત કરી નાંખે છે. આવી રીતે સત્-ચિત્-આનંદ અતિમનસના સુવર્ણમય પ્રકાશથી ઢંકાયેલું છે (હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્ - ઈશ અથવા ઋતેન ઋતમ્ અપિહિતમ્ - વેદ) અધિમનસના વિભાજન કરવાની ટેવને લીધે જ વિવિધ ધર્મો અને સંપ્રદાયો રચાયાં છે, વિવિધ દર્શનો રચાયાં છે. તેમાંથી વિવિધ દેવતા અને તેમનાં વિવિધ લોકો ગણાયાં છે. પણ અધિમનસની કક્ષા સુધી વિવિધતા કે વિભાજન વચ્ચે પણ એકતા જળવાઈ જાય છે. જે નીચેની બાજુ જળવાતી નથી. નીચે અચિત્નો પ્રભાવ વધીને ખરેખર વિભાજન પૂર્ણ અને સાચું બનવા માંડે છે.

વૈકુંઠ, ગોલોક માનવ-ચેતનાના ઉપરનાં અને અધિમનસનાં નીચેના અંતરિયાળ પ્રદેશની ભૂમિકાઓ છે. વૈકુંઠ એટલે જ્યાં માનવચેતના મુક્ત રીતે કુંઠિત થયા વગર વિકાસ પામે છે તેવો ચેતનાનો સ્તર. ગોલોક એટલે પ્રકાશમય ચેતનાનો પ્રદેશ. આવી રીતે અધિમનસ અતિમનસની સમાન કક્ષાની ચેતના નથી.

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

**અવતરણો**

૧ ભારતીય કલાત્મક સર્જનનો આખો પાયો જેને શાસ્ત્રગ્રંથોમાં માન્ય રાખવામાં આવ્યો છે અને જે પૂર્ણપણે સભાન છે, તે સીધેસીધો આધ્યાત્મિક અને અંતઃપ્રજ્ઞ છે. -પૃ. ૨૧૬

૨ તર્કશક્તિ ઈન્દ્રિયોને ઓળંગી જાય છે અને આપણને બીજા વધુ સૂક્ષ્મ સત્યના પ્રદેશોમાં પ્રવેશ કરાવે છે; એ જ રીતે અંતઃપ્રજ્ઞા તર્કશક્તિને ઓળંગી જાય છે અને આપણને સત્યની વધુ પ્રત્યક્ષ અને પ્રકાશિત શક્તિમાં પ્રવેશ કરાવે છે. પૃ. ૨૧૮

૩ ગ્રીક સર્જન માત્ર એક ઉદાત્તીકૃત વૈષયિક કે ઈન્દ્રિયગત આનંદ જાગૃત કરી શકે છે. પૃ. ૨૨૧

૪ પરંતુ આ પરિવર્તન એટલે દૂર લગી નથી ગયું કે જેને લઈને ભારતીય કલાની ઊંડામાં ઊંડી અને સૌથી વિશિષ્ટ ભાવના અને પ્રેરણાની સંપૂર્ણ કદર કરી શકે. પૃ. ૨૨૨

૫ કળાનો સ્પર્શ ઊંડાણના અંતરતમ આત્માના અને ભારતીય પ્રાણનાં ચક્ષુને સીધેસીધો થતો નથી, પણ વૈષયિક, પ્રાણિક, લાગણી વિષયક, બૌદ્ધિક અને કલ્પનાશીલ, સત્‌તાની પ્રબળ જાગૃતિથી બહારના આત્માને થાય છે. પૃ. ૨૨૭

૬ પ્રાચીન ભારતીય કળાનો સર્વોપરી સિદ્ધાંતઃ તેનું સૌથી મોટું કાર્ય અંતરાત્માની દૃષ્ટિ સમક્ષ પરમ આત્મા, અનંત અને ભગવાનને કંઈક અંશે ખુલ્લા કરવાનું હોય છે. પૃ. ૨૨૭

૭ ભારતીય સ્થાપત્ય, ચિત્રકળા અને શિલ્પ, ભારતીય દર્શન, ધર્મ, યોગ અને સંસ્કૃતિમાં રહેલી મધ્યવર્તી વસ્તુઓની સાથે પ્રેરણામાં માત્ર ઘણાં ગાઢ નિકટવર્તી રીતે એક છે એમ નહિ, પરંતુ સવિશેષ તેમની મહત્ત્વની ઘણી અર્થદ્યોતક અભિવ્યક્તિ છે. પૃ. ૨૩૦

- સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

## ભારતીય સંસ્કૃતિનો ઉગમ

પ્રકરણ - ૭

ભારતીય લોકોને સૌંદર્યદૃષ્ટિ જ નથી એવી ટીકાને કારણે ભારતીય સ્થાપત્ય, શિલ્પ અને લલિતકળાની મહત્તા જ જાણે ઢાંકી દેવામાં આવી છે. મિ. હેવલ અને ડૉ. કુમાર સ્વામીએ તેનો જવાબ આપ્યો છે. પણ તે હજી પૂરતો નથી. આજની ભારતની પેઢીને કલા સ્થાપત્યની વિશેષતા સમજાવવાની જરૂર છે.

ભારતીય સંસ્કૃતિમાં સૌંદર્યનું શું મહત્ત્વ છે તે પ્રથમ સમજી લેવું જરૂરી છે. સૌંદર્ય એ પ્રભુનું જ સ્વરૂપ છે અને તે દ્વારા પ્રભુ જ પ્રગટ થવા માંગતા હોય છે તે દૃષ્ટિએ નીચેની વિગતો જાણી લેવી જરૂરી છે.

ભારતીય સંસ્કૃતિમાં પુરુષ દેહના સૌંદર્યમાં બે વસ્તુ મહત્ત્વની છે. પહોળા ખભા જેને વૃષભ-સ્કંધ કહે છે તે અને તનુ-કટી અર્થાત્ સાંકડી કમર. પણ શરીર કરતાં બુદ્ધિની ચમક દર્શાવવી હોય તો ભારતીય સંસ્કૃતિમાં વિશાળ ઉદર પણ માન્ય કરેલ છે. દા.ત. ગણપતિ અને યક્ષની મૂર્તિઓ. સારાંશ ક્યા પ્રકારનું સૌંદર્ય દર્શાવવું તેના આધારે વિવિધ પ્રતીકો વાપરવામાં આવે છે. આ પ્રતીકોનું સર્જન આધ્યાત્મિક કક્ષાની આંતર-પ્રેરણાથી કરવામાં આવે છે. ઈન્દ્રિયોની ક્ષમતાને તર્કશક્તિ ઓળંગી જાય છે અને અતિઈન્દ્રિય સત્યોને તર્કશક્તિ પકડી પાડતી હોય છે. પણ આંતરપ્રેરણા તો તર્કશક્તિને પણ ઓળંગી જાય છે અને બુદ્ધિના પેલી પારનાં સત્યોનું દર્શન કરાવે છે (યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ) અંતપ્રજ્ઞાનો પોતાનો પ્રકાશ હોય છે. આ પ્રકાશમય ક્ષેત્રમાં રહેલાં સત્યોને તે આપણી સમક્ષ દર્શન, શ્રવણ તરીકે પ્રગટ કરે છે. દા.ત. લીઓનાર્દો ડી વિન્સીએ વિજ્ઞાન અને કળા બન્નેનાં ક્ષેત્રમાં જે અભૂતપૂર્વ કાર્ય કર્યું તે અન્તઃપ્રજ્ઞાને જ આભારી છે. શેક્સ્પીયરનાં સાહિત્ય-સર્જનો પણ તેનાં જ સર્જનો છે.

પશ્ચિમનાં દેશોમાં કલા ઉપર ગ્રીક વલણ અને તે બાદ નવજાગરણ કાળનું વલણ બેનો ખૂબ જ પ્રભાવ હતો. પ્રકૃતિએ નિર્માણ કરેલ સૌંદર્યને જ વાસ્તવિક માની તેને જ અનુસરવું એ તે વખતનો અલિખિત નિયમ હતો તેથી સૌંદર્યનાં ભારતીય પ્રતીકાત્મક સર્જનોને તેઓ સમજી જ શકતા નહોતા. એટલું જ નહિ પણ ભારતીય કલાને પ્રાથમિક દરજ્જાની અને અણગઢ ગણતાં. તે બાદ તેઓ ચીન અને જપાની કળાને થોડુંક માનતા થયાં. પણ તેમ છતાં ભારતીય કળાનું મર્મ તેઓ સમજી શક્યાં નહિ. ભારતીયોની યુરોપિય કલાની સમજ પણ તેની પોતાની બાંધણીને કારણે તેવી જ મુશ્કેલી અનુભવે છે. ભારતીય કલા દ્વારા જે સૂચિત કરવામાં આવે છે તે અતિ ગહન વસ્તુ હોવાથી તેની ફક્ત આછેરી ઝલક જ ચિત્રો દ્વારા પ્રગટ થાય છે. સૂચનસ્વરૂપે વધુ હોય છે. અમુક ટીકાકારોના મતે ભારતીય કલામાં એક સૌંદર્ય બાબતનું પ્રબળ (આધ્યાત્મિક ભાવનું સૂચન હોય છે, જ્યારે ગ્રીક કલામાં ઈન્દ્રિયો દ્વારા દેખાતા સૌંદર્યને જ વધારે સ્પષ્ટ અને વધારીને દર્શાવવામાં આવે છે. દા.ત. કામદેવ અને રતિની મૂર્તિમાં અથવા અપ્સરાની મૂર્તિમાં એક આધ્યાત્મિક સત્ય હોય છે. જ્યારે ગ્રીકની એફ્રોડાઈટ (Aphrodite) પ્રેમદેવતાની મૂર્તિમાં સ્ત્રીનાં કામણનું પ્રદર્શન હોય છે.

પણ ગ્રીક - કલા ફક્ત વધારે પડતા ઈન્દ્રિય સૌંદર્ય પૂરતી જ મર્યાદિત છે એમ માનવું પણ ભૂલભરેલું છે. તેઓ ચિંતનશીલ ઊર્ધ્વમનના પ્રદેશમાંથી પ્રેરણા મેળવતા હતા, તેથી કલ્પના-જગતમાંનું સૌંદર્ય તેઓ નીચે મૂર્તિમાં લઈ આવતાં. ભારતીય અને ગ્રીક બન્નેના પ્રેરણાનાં સ્રોત અલગ છે. પણ બન્નેનો રસાસ્વાદ માણવો એ જ સાચી વિવેચક બુદ્ધિ ગણાશે. વસ્તુ અઘરી છે છતાં યોગ્ય છે. દા.ત. ધ્યાનમગ્ન બૌદ્ધની મૂર્તિ જોઈ જે ભાવ

ભારતીય અનુભવી શકે છે તે મિ.આર્ચર નહોતા અનુભવી શકતાં. એ તો તેમની ભારતીય સંસ્કૃતિ ઉપરની બેહુદી ટીકાઓ ઉપરથી જ જોઈ શકાય છે.

સારાંશ, ભારતીય કલાને સમજવા અંતઃપ્રજ્ઞાનો પ્રકાશ હોવો ખૂબ જ જરૂરી છે. તે સિવાય તેની મહત્તા સમજવી અને મૂલવવી જ શક્ય નથી. યુરોપિયન કલાકાર અંતપ્રજ્ઞાના ઝબકારામાં મળેલા જ્ઞાન માટે બહારની પ્રકૃતિમાં આધાર શોધે છે. કારણ તે આધાર વગર તેની સત્યતાની તેને ખાતરી થતી નથી. પછી તે બહારનો આધાર અને તે ઝબકારને જોડી તેની દ્વારા અભિવ્યક્તિ કરે છે. આમાં અનાયાસે બાહ્ય પ્રકૃતિને અનુસરવાનો નિયમ સર્વોપરી બની જાય છે. ભારતીય કલાકાર બીજી બાજુ અંતઃપ્રજ્ઞાએ જે ઝબકારો આપેલો હોય છે તેને બાહ્ય નહિ પણ આંતર પરાપ્રકૃતિમાં દિવ્યપ્રકૃતિમાં શોધે છે. તેને કારણે તેની અભિવ્યક્તિ વધારે પડતી આધ્યાત્મિક કે ધાર્મિક કે ભક્તિપ્રધાન બની જાય છે. અને આ ભાવ પ્રગટ સ્વરૂપનો રહે છે, ફક્ત સૂચન સ્વરૂપનો નહિ.

બધી જ ભારતીય કલાકૃતિઓ ઉપર જણાવેલ કક્ષાએ પહોંચે છે, એમ જરાપણ કહેવાનો ઈરોદો નથી. પણ તેમનો આદર્શ તો આ મુજબનો રહે છે. સારાંશ ભારતીય કળાનો ઉગમ અને આધાર પણ તેના વિજ્ઞાન, તેની જીવનપદ્ધતિ, તેની સમાજ વ્યવસ્થા, તેની શિક્ષણ પ્રણાલી, તેની રાજ્ય વ્યવસ્થા, તેનો ધર્મ, આ બધાની સમજણ આધ્યાત્મિક કલ્પના સિવાય આપણને સમજાવી શક્ય જ નથી.

ઐતરેય બ્રાહ્મણમાં શિલ્પકલાનું રહસ્ય સમજાવતાં ઋષિ જણાવે છે કે ૐ શિલ્પાનિ શંસન્તિ દેવશિલ્પાનિ। એતેષાં વૈ શિલ્પાનામ્ અનુકૃતિઃ ઈહ શિલ્પં અધિગમ્યતે। શિલ્પં હિ યસ્મિન અધિગમ્યતે યઃ એવ વેદ યદેવ શિલ્પાનિ। આત્મંસંસ્કૃતૈવ વૈ શિલ્પાનિ। છંદોમયં વા એતૈઃ યજમાન - આત્માનં સંસ્કૂરુતે॥ (ઐ બ્રા ૩-૨-૫) અર્થાત્ જેને દેવ-શિલ્પ અર્થાત્ દેવોએ કંડારેલ સૂક્ષ્મ જગતમાંનો પ્રાદુર્ભાવ કહેવાય છે, તે જ આ જગતનાં શિલ્પો ઉપર શાસન કરે છે. તેમનું અનુકરણ એ જ અહીં શિલ્પ કહેવાય છે. આ ભૌતિક શિલ્પ દ્વારા તે મૂળ દેવશિલ્પને સમજનારો એ જ ભૌતિક - શિલ્પનો જાણકાર કહેવાય છે. આવી રીતે આ ભૌતિક શિલ્પો આપણા આત્માને દિવ્ય સંસ્કારોથી સીંચે છે. તે ભૌતિક-શિલ્પને જોતા જે ભાવોના તરંગો યજમાનના આત્મામાં સંચરે છે તે જ તેના આત્માને દિવ્ય સંસ્કારો આપે છે.

સારાંશ ભારતીય સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકળા, નૃત્યકળા આમનો ભારતીય દર્શન ધર્મ, યોગ અને ભારતીય સંસ્કૃતિ સાથે ખૂબજ ઊંડો અને ગાઢ સંબંધ છે. તેમની દ્વારા જ પ્રભુના પાસા સ્વરૂપ સુંદરતા પ્રગટ થવા મથે છે.

# અતિમનસ

- શ્રી અરવિંદ : શ્રી માતાજી

**અવતરણ** - (પૃ.૭૯-૧૦૧)

૧ અતિમાનસ સૃષ્ટિ એક કાયમની રીતે હંમેશા અસ્તિત્ત્વમાં છે અને એ સૃષ્ટિમાં હું પોતે એક અતિમાનસ શરીરમાં કાયમની રીતે રહેલી છું. પૃ.૭૯

૨ આ સ્થૂળ જગત તથા પેલું અતિમાનસ જગત એ બેની વચ્ચે એક મધ્યવર્તી પ્રદેશની જરૂર છે.... આ પ્રદેશ બાંધવાનો અને તે બંધાઈ પણ રહ્યો છે. પૃ.૭૯

૩ એ સૃષ્ટિનાં ભાવિ નિવાસીઓ બનવા માટે નિર્માએલા લોકોની પહેલી ટુકડીને ત્યાં ઉતારવાની હતી. પૃ.૮૧

૪ ત્યાં જે પદાર્થ કપડાં જેવાં લાગતો હતો તે એ લોકોના શરીરનો જ એક ભાગ હતો. પૃ.૮૨

૫ જે લોકોને વિશેષ તાલીમ માટે પાછા મોકલવામાં આવ્યા હતા - એ લોકો જાણે હજી પૂરેપૂરા પ્રકાશમય ન બન્યા હોય, રૂપાંતર પામ્યા ન હોય તેવા ધૂંધળા હતા. પૃ.૮૩

૬ કિનારા ઉપરના ઊંચા કદાવર લોકો..... તેમના વર્ણમાં નારંગી રંગની છાયા તો નહોતી જ. એમનો રંગ વધારે આછો, વધારે પારદર્શક હતો. પૃ.૮૩

૭ જગતમાં દરેક માણસ પોતાના વાતાવરણમાં પોતાની અંદર અમુક તત્ત્વો લઈને ફરતા હોય છે. શ્રી અરવિંદે એ તત્ત્વોને 'ટીકાકારો' એવું નામ આપ્યું છે. પૃ.૮૭

૮ આ ટીકાકારો તમને ફરજિયાત રીતે પૂરેપૂરા સત્યનિષ્ઠ બનાવે છે. પૃ.૮૮

૯ આ સાહસ ખેડવાને જે તૈયાર હશે, તેમને હું વચન આપી શકું છું કે તેમને આ સફરમાં ખરેખર ઘણી ઘણી નવી વસ્તુઓ જોવાને મળશે. પૃ.૯૨

૧૦ જો તમારે સમજવું હોય તો તે માટે તો તમારે એક જ કામ કરવાનું રહે છે - સાધના કરો અને અતિમાનસ ચેતના મેળવી લો. પૃ.૯૫

૧૧ તમે આત્માનું નિવાસધામ બન્યા હો છો. એમાંથી એ ભવ્યતા આવતી હોય છે. પૃ.૯૭

૧૨ મનોમય પુરુષ અને અતિમાનસ પુરુષ એ બેની વચ્ચે એક મધ્ય કોટિના પુરુષ પ્રગટ થશે. પૃ.૯૮

૧૩ તમે જીવનમાંની અમુક ચૈતસિક ઊર્મિમાંથી નીકળી અતિમાનસ ચેતનામાં ઘણી સહેલાઈથી પહોંચી શકો છો. પૃ.૧૦૧

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા**

## અતિમાનસ સૃષ્ટિની ઝાંખી

પ્રકરણ - ૬

માતાજીને અતિમનસ તત્ત્વ સાથે આંતરિક અને વ્યક્તિગત સંબંધ તો હતો જ પણ ૩-ફેબ્રુઆરી ૧૯૫૮ના રોજ તેમને અતિમનસ સૃષ્ટિનો અનુભવ થયો. અતિમનસ સૃષ્ટિ એક

દિવ્ય-સૃષ્ટિ છે અને તે સનાતન - સૃષ્ટિ છે તે એક વાસ્તવિક સત્ય છે. માતાજી ત્યાંના કાયમી રહેવાસી છે અને ત્યાં અતિમનસ શરીર ધારણ કરીને રહેલાં છે.

પણ અત્યાર સુધી તે અતિમનસ જગત અને આપણા ભૌતિક જગત વચ્ચે તેમને જોડનાર સેતુ બંધાએલો નહોતો અને તે જ પ્રમાણે માતાજીના આ ભૌતિક શરીરમાં પણ બંધાએલો નહોતો. તેથી માતાજીને આ અતિમનસ સૃષ્ટિનો અનુભવ આવેલો નહોતો. હવે તે બંધાઈ ચૂક્યો હોવાથી તેમને અતિમનસ જગતની અનુભૂતિ આવી. આ અનુભૂતિ માતાજીને ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૮ના રોજ બપોરે ૨ થી ૩ વચ્ચે આવી. માતાજી સૂતાં નહોતાં કે તેમને સ્વપ્નું પણ નહોતું આવ્યું. સભાન અવસ્થામાં જ આ અનુભૂતિ આવી છે.

માતાજીએ એક ભવ્ય નૌકા જોઈ. તે શહેર જેટલી મોટી હતી. તેમાં બધી જ વ્યવસ્થા હતી. તે નૌકાની દરેક વસ્તુ અતિમનસ તત્ત્વની બનેલી હતી. તે સંત્રા જેવી નારંગી પ્રકાશથી ઝળહળી રહી હતી. તેમાંના લોકો પણ વધારે ઓછા પ્રમાણમાં અતિમનસ-શરીર રચેલી વ્યક્તિઓ હતી. તે અતિમનસ પ્રકાશ ધારણ કરેલ પાર્થિવ પદાર્થનાં હતાં, તેથી તેનો સુવર્ણમય રતુમડો પ્રકાશ હતો. જાણે નારંગી (Orange) પ્રકાશ હતો. બધી જ વસ્તુઓ તેવી હતી, તેમાં વિવિધ છટાઓ હોવાથી વસ્તુ વસ્તુ વચ્ચેનો ભેદ ઓળખાતો હતો. કોઈ વસ્તુનો પડછાયો પડતો નહોતો. કારણ બધાં જ આંતર-પ્રકાશથી પ્રકાશિત હતાં. વાતાવરણ આનંદદાયક અને શાંતિ સુમેળભર્યું હતું. બધાં કામો વ્યવસ્થિત પણ મૌનમાં થઈ રહ્યાં હતાં. નૌકા પરના દરેકને કેળવણી અપાઈ રહી હતી. ત્યાં શબ્દો બોલવાની જ જરૂર નહોતી. બધા જ એકબીજાના મનોભાવ તેમના શરીરના દેખાવથી, રંગછટાઓ ઉપરથી જાણી જતા હતા. તેઓ જાણે પશ્યંતી ભાષામાં જ વિનિમય કરતા હતા.

મૂળ જે સનાતન અતિમાનસ જગત છે તેના બંદરે આ નૌકા આવી પહોંચી હતી. ત્યાં ડેક ઉપર કદાવર રોમન કે ગ્રીક સૈનિકોની જેમ બખ્તર પહેરેલાં સત્ત્વો હતાં. તેઓ મનુષ્યયોનિનાં નહોતાં કે મનુષ્યોનિમાંથી ઉત્ક્રાંત થઈને અતિમનસ જગતમાં પ્રવેશેલાં પણ નહોતાં. તેઓ અતિમનસ જગતનાં કાયમી નાગરિકો પણ નહોતા. અતિમનસ જગતની પણ ઉપરની આનંદમય સૃષ્ટિનાં તે લોકો હોવા જોઈએ. તેઓ જ નૌકા પરની વ્યક્તિઓની અતિમનસ તૈયારીઓની પરીક્ષા લેવાના હતા. તે સમગ્ર કામનું સંચાલન માતાજી પોતે કરી રહ્યાં હતાં. નૌકાની નીચે ઉતરવાની સીડીના મથાળે માતાજી પોતે ઊભાં હતાં. માતાજી નૌકા પરના એક એકને બોલાવી નીચે મોકલતાં હતાં. નીચેના સૈનિકો તેની અતિમનસ શરીર નિર્માણની કક્ષા ચકાશી તેને નીચે પ્રવેશ આપતા અથવા પાછા મોકલી દેતા હતા.

નૌકા ઉપરના લોકોનાં કપડાં પણ તેમના શરીરના ભાગરૂપે જ હતાં. જુદાં નહોતાં.

સંકલ્પમાત્રથી તે શારીરિક તત્ત્વ અવનવા રૂપો લેતું હતું. આંદોલનો બદલીને રૂપ બદલવામાં આવતું હતું. નૌકા પરની વ્યક્તિઓનાં શરીર ઉપર કાળા કે ભૂખરા ધાબા ઓછાવત્તા પ્રમાણમાં દેખાતાં હતાં. શરીરનો અમુક ભાગ રૂપાંતર ન પામ્યો હોય તો ધુંધળો દેખાતો હતો.

નીચેના સૈનિકોનો પ્રકાશ નારંગી નહોતો. પણ આછો હીરક પ્રકાશ હતો. પણ અર્ધ પારદર્શક હતો. તેમના શરીરનો અમુક ભાગ દેખાતો પણ નહોતો. શરીરનાં ફક્ત રેખાંકનો જ દેખાતાં હતાં. શરીરના નિમ્નભાગ જ થોડો રતુમડો હતો.

માતાજીને પોતાનું શરીર પણ જોવા મળેલું. તેમનું શરીર થોડું નૌકા ઉપરનાં લોકો જેવું અને થોડું પેલા સૈનિકો જેવું મિશ્ર સ્વરૂપનું હતું. મસ્તકનાં રેખાંકનો જ દેખાતાં હતાં, તેમાં રેખાંકનો પાસે નારંગી પ્રકાશ હતો અને વચમાં શ્વેત. તે અર્ધપારદર્શક હતો. તેમાંથી સંકલ્પો પ્રગટ થતા હતા.

નૌકા ઉપરના લોકો પૈકી થોડા આશ્રમના અને અન્ય બહારનાં હતાં. ઘરડાં અને બાળકો (૧૪થી નીચેનાં) બહુ જ ઓછાં હતાં. મધ્યમ વયનાં વધારે હતાં. અતિમનસ તત્ત્વ શરીરમાં કેટલા પ્રમાણમાં વિકસ્યું છે તેના આધારે જ લોકોને પાસ કરવામાં આવતાં હતાં. વસ્તુ સારી નરસી છે તેના આપણા અહીંના ધારાધોરણો ત્યાં નહોતા.

આ અનુભૂતિ દરમિયાન એક વખત માતાજીની ચેતના નીચે ખેંચાવા માંડેલી પણ માતાજી સંકલ્પબળે ત્યાં જ ટકી રહેલાં પણ ત્રણનો ટકોરો ઘડિયાળમાં વાગતા જ માતાજી અચાનક ખેંચાયાં અને પોતાના ભૌતિક શરીરમાં પ્રવેશી ગયા. આ એક ઝાટકે થએલી ઘટનાને લીધે તે અનુભૂતિની સમસ્ત વિગતો માતાજીને આ ભૌતિક જીવનમાં પણ યાદ રાખી શક્યાં.

આ અનુભૂતિ પ્રતીકાત્મક છે. તેનાં ગૂઢ અર્થો નીચે મુજબનાં છે :

૧ નૌકા એટલે સાધનાકીય રૂપાંતરની પ્રક્રિયામાં થતા વિકાસને કારણે સૂક્ષ્મ સ્તરે જોડાઈ ગએલો સાધક વર્ગનો સમૂહ

૨ આ બધાને જ માતાજીનું માર્ગદર્શન મળી રહ્યું છે તેથી માતાજી આ નૌકાનાં કેપ્ટન.

૩ બંદર એટલે સૂક્ષ્મ સ્તરે રહેલ ઊર્ધ્વમાંનું અતિમનસ જગત

૪ બંદર ઉપરના સૈનિકો એટલે આનંદમય લોકના રહેવાસીઓ. તેમનો હીરક અને શ્વેત પ્રકાશ એ વસ્તુ દર્શાવે છે. તેમનો નિમ્ન શરીરમાંનો રતુમડો પ્રકાશ, એ દર્શાવે છે કે તેઓ ભૌતિક જગત સાથે સંપર્ક રાખી રહ્યાં છે.

**૫** નૌકા ઉપરના પ્રવાસીઓનો નારંગી પ્રકાશ દર્શાવે છે કે તેમના ભૌતિક-શરીરમાંના ભૌતિક મને અતિમનસ પ્રકાશ ધારણ કર્યો છે અને તે પ્રકાશમય

મન બની ગયું છે.

૬ માતાજી લોકોને નીચે મોકલતાં એનો અર્થ એ કે તેઓ જ અતિમનસ સૃષ્ટિનાં ભૌતિક સ્તરના સર્જનનાં અધિષ્ઠાતા છે.

૭ માતાજીને વચમાં નીચેનું ખેંચાણ અનુભવાયું કારણ તે વખતે તેમનું ભૌતિક મન નૌકા ઉપરના લોકોની ઓળખાણ સ્મૃતિમાં રાખવા પ્રયત્ન કરવા લાગ્યું. તે કાર્ય ભૌતિક જગતનું હોવાથી તેનું આકર્ષણ વધ્યું.

૮ નૌકાની વસ્તુઓ પણ અતિમનસ પદાર્થની હતી તે દર્શાવે છે કે બધા જ અતિમનસ સાધનાના સાધકોને આંતરિક રીતે અતિમનસ જગત સાથે જ સંપર્ક રાખવાની ટેવ પાડવામાં આવે છે, જેથી તેઓ તેમનો પ્રભાવ ઝીલી શકે.

૯ માતાજીના મસ્તકમાંનો સૂર્ય દર્શાવે છે કે માતાજીને બહારથી પોષણ મેળવવાની હવે ઓછી જરૂરિયાત છે, આંતરિક રીતે તેઓ સીધેસીધા સૂર્ય કેન્દ્ર દ્વારા સૌરશક્તિ - સાવિત્રીમાંથી પોષણ મેળવી રહ્યાં છે.

**૧૦** અન્યોનાં મસ્તકમાં તેવા સૂર્યો નહોતા તેથી તેમને હજી આ પ્રક્રિયા અવગત થઈ નહોતી એવું લાગે છે.

**૧૧** આનંદમય લોકનાં સૈનિકોનાં મસ્તકમાં પણ સૂર્ય નહોતો. તેમને તેની જરૂર હોતી નથી. તેમના શારીરિક કોષો સીધેસીધું આનંદમાંથી જ પોષણ મેળવી લે છે.

**૧૨** સૈનિકોનો વિશાળ, મજબૂત અને ઊંચો દેહ દર્શાવે છે કે તે શરીરો કારણ શરીરો હતાં. તે ભૌતિક અને સૂક્ષ્મ શરીરોથી મોટા હોય છે.

**૧૩** સૈનિકોનો રોમન સૈનિકોનો પોષાક દર્શાવે છે કે તેઓ મજબૂત સંકલ્પ-શક્તિ ધરાવનારાં હતાં અને શિસ્તપ્રિય હતાં.

**૧૪** ૧૨ વર્ષથી નાનાં બાળકો અને વૃદ્ધો ઓછાં હતાં તે દર્શાવે છે કે માનવજાતને વારસામાં આવી અતિમનસ સાધના મળી નથી અને હજી જન્મથી જ અતિમનસ શરીર ધરાવતાં બાળકો પણ જન્મ્યાં નથી. આ સાધના શ્રી અરવિંદની સાધનાના પ્રભાવને કારણે શરૂ થઈ છે.

**૧૫** ત્યાંનું મૌન એ દર્શાવે છે કે ત્યાં પોતાના ભાવો દર્શાવવા કૃત્રિમ શબ્દો વાપરવા પડતા નહોતા.

**૧૬** ત્યાંની સૃષ્ટિમાં વસ્તુઓ સંકલ્પ બળે નિર્માણ થતી હતી. બહારની મદદથી નિર્માણ નહોતી કરાતી.

આ બધી વસ્તુ સમજતા જ આપણને ભવિષ્યમાં કેવા પ્રકારની સૃષ્ટિ રચાવાની છે તેનો આછેરો ખ્યાલ જરૂર આવશે.

# અરવિંદોપનિષદ

- શ્રી અરવિંદ

## સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

## સત્ય પ્રકાશ એટલે જ અતિમનસ પ્રકાશ

પ્રકરણ - ૧૮

**સતઃ પ્રકાશસ્તુ સઃ । યથા વા સૂર્યસ્ય જ્યોતિઃ સૌરં જગત્ સ્વશકત્યા ધાવદિવ પૂરયત્ પ્રકાશતે । સત્યં જ્યોતિઃ સત્ય પ્રકાશઃ સતઃ સૂર્યસ્ય । ન સો અલિકા ભાતિઃ । સતઃ સત્યપ્રકાશસ્તુ સઃ ।**

તે સત્યનો જ પ્રકાશ છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ સૌરમંડળને પોતાની પ્રકાશ-શક્તિ સ્વરૂપે બધે જ જઈને છલોછલ ભરી દે છે અને તેમને પ્રકાશિત કરી મૂકે છે તેમ જ આ જે પરમ-ચેતના સ્વરૂપ સત્ય છે તે પણ જ્યોતિસ્વરૂપ જ છે. પ્રકાશમય જ છે. તેથી પ્રકાશ પણ સત્ય સૂર્યનો સત્ય પ્રકાશ જ છે. તે કાંઈ ભ્રામક પ્રકાશ નથી. તે પરમ-સત્યનો સત્ય પ્રકાશ જ છે.

આ જગત એટલે સત્ય સ્વરૂપ જળમાં સત્ય સ્વરૂપ સૂર્યનું સત્ય સ્વરૂપ પડેલું પ્રતિબિંબ છે કારણ સત્ય કેવળ જ અસ્તિત્ત્વ ધરાવે છે. સત્ય સિવાય અન્ય કાંઈ છે જ નહિ. તે જ કેવળ છે.

જગત પ્રકાશ સ્વરૂપ જ છે. તે સત્યના પ્રકાશમાંથી જ રચાયું છે. તે પ્રકાશ સ્વરૂપે જ સ્થિત છે અને તે પ્રકાશમાં જ તે વિલીન થઈ જવાનું છે. સાવિત્રી જણાવે છે કે "From the light we have come and unto the light we go". આમ જગત સર્વાંગે ફક્ત મૂળભૂત સ્વરૂપમાં જ નહિ, સત્યના પ્રકાશ સ્વરૂપ જ છે. અહીં સત્ય જુદું અને તેનો પ્રકાશ જુદો એમ નથી. એમ પણ નથી કે સત્યમાંથી અમુક સમયે પ્રકાશ ઉત્સર્જીત થાય છે અને અમુક સમયે નથી થતો. એવો આ પ્રકાશ કાંઈ પ્રાસંગિક ઘટના પણ નથી. સત્ય અને પ્રકાશ એકરૂપ જ અવિભાજ્ય છે તે અખંડ સત્યનો મૂળભૂત સ્વભાવ છે.

જેમ સૌરમંડળમાં સૂર્યનો પ્રકાશ સ્વરૂપ સૌર-શક્તિ સતત રેલાતી રહે છે અને જગતની રચના કરતી હોય છે જગતના અણુરેણુ તરીકે પોતે સ્વરૂપો કે વ્યક્તિ માત્રની રચના કરે છે તેમજ આ મૂળભૂત પરમ-સત્યનો પ્રકાશ આ અતિમનસ શક્તિ જ આ જગતની રચના કરે છે. તેના અણુરેણુ સ્વરૂપે આવીને વસી છે. અણુઓ, પરમાણુઓ અને તેનાં પણ ઉપભાગ તરીકેના ક્વાર્ક વગેરે પણ આ પ્રકાશનાં જ બનેલાં છે.

જેમ સૂર્ય અને તેનો પ્રકાશ જુદો નથી તેમ પરમ-સત્ય અને તેનો પ્રકાશ પણ જુદો નથી જ. જે પરમ-સત્ય છે તે જ દિવ્યપ્રકાશ છે અને જે દિવ્ય-પ્રકાશ સ્વરૂપ અતિમનસ તે જ છે. તે જ પરમ-સત્ય છે. આ બન્નેનું અદ્વૈત અને એકરૂપતાના કારણે જ વેદો તેને અદિતિ કહે છે. અદિતિનો અર્થ છે અભિન્ન. આમ સત્ય જ સૂર્ય છે અને સત્ય જ પ્રકાશ પણ છે. આ પ્રકાશ કોઈ ભ્રાંતિ નથી. તે અસત્ય નથી. તેને સત્ય તરીકે અનુભવવું કે પ્રકાશ સ્વરૂપે અનુભવવું આ આપણી દૃષ્ટિને કારણે પડેલો તફાવત છે. આ વ્યક્તિનિષ્ઠ ભેદ છે, વસ્તુનિષ્ઠ નથી. એક જ સ્ત્રીને પુત્રી, પત્ની અને માતા તરીકે જુદી જુદી વ્યક્તિઓ જોતી અને અનુભવતી હોય છે પણ તે સ્ત્રી તો એક જ છે. તેમાં તદ્દન અભિન્નતા છે, એકરૂપતા છે. બસ તેવું જ સત્ય બાબત છે, સત્યનાં દર્શન જુદાં જુદાં હોઈ શકે કારણ દર્શનની ઘટના વ્યક્તિ - સાપેક્ષ છે, પણ સત્ય તો તે દર્શનથી પર છે. તે પોતે અવિકારી છે. ભેદદૃષ્ટિ જોનારમાં છે, સત્યમાં નથી. આમ સત્ય અને સત્યનો પ્રકાશ બન્ને સત્ય જ છે. અતિમનસ પ્રકાશ સત્ય જ છે.

---

(પૃ. ૧૪ ઉપરથી)

## ગીતાનિબંધો

આ પુરુષોત્તમની આત્મશક્તિ એટલે જ દિવ્ય પ્રકૃતિ, પરાપ્રકૃતિ. તે અપરા પ્રકૃતિથી જુદી છે. આ દિવ્ય-પ્રકૃતિમાં પ્રવેશવા જ આત્મતત્ત્વ વિવિધ રૂપો (જન્મો) ધારણ કરે છે. અપરા પ્રકૃતિ ચતુર્યુગની ઘટમાળમાં જન્મ લઈને વિકાસ પામે છે અને અંતે પોતાની દિવ્ય-પ્રકૃતિને મેળવી પુરુષોત્તમ ચેતનાના સંપર્કમાં આવે છે.

પુરુષોત્તમ ચેતના આ ચતુર્યુગની ગતિથી બંધાએલ નથી પણ તે તેના સમગ્ર આયોજનનો ભાગ હોવાથી તેને ટકાવી રાખે છે, પોતે તેથી મુક્ત અને નિર્લેપ હોય છે.

સાચા યોગીઓ આવી પુરુષોત્તમ ચેતનામાં પોતાનું જીવન ધારણ કરીને તેમને ભજતાં હોય છે. તેથી તેમના મનમાં એક - અનેક, સાકાર - નિરાકાર, સગુણ - નિર્ગુણ, સક્રિય - નિષ્ક્રિય જેવા વિરોધાભાસોનો ઉપદ્રવ હોતો નથી. આવા યોગી બે પ્રકારે પોતાની ઊર્ધ્વગતિ સાધતો હોય છે. પોતાના વ્યક્તિગત આત્માને વિશ્વાત્મા અને વિશ્વાતીત આત્મા તરફ ઊર્ધ્વગતિ કરાવે છે. જ્યારે પોતાની પ્રકૃતિને અપરામાંથી પરાપ્રકૃતિ તરફ ઊર્ધ્વગતિ કરાવે છે. આ બન્ને ગતિમાં સંવાદમયતા લાવે છે.

આ જ સંપૂર્ણ સત્યનો સર્વાંગી માર્ગ છે.

# રાષ્ટ્રિય શિક્ષણ

## રાષ્ટ્રીય શિક્ષણ બાબત ગેરસમજો

## સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

### પ્રકરણ - ૫

**૧ કેળવણી સર્વવ્યાપક બની રહેવી જોઈએ અને તેમાં નિર્ભેળ શુભત્વ હોવું જોઈએ. પૃ.૭૩**
**૨ આપણી પ્રજાએ બુદ્ધિ તથા પ્રાણના ક્ષેત્રમાં જે પુરુષાર્થ ખેડવાની અત્યંત જરૂર છે, તેને તો કેળવણી દ્વારા જ પૂરી પાડી શકાય તેમ છે. પૃ.૭૩**
**૩ કેળવણી એ સામાન્ય રીતે સાચેસાચ શી વસ્તુ છે અથવા હોવી જોઈએ એ વસ્તુ સ્પષ્ટ રીતે જાણતા નથી, તો રાષ્ટ્રીય કેળવણી એટલે આપણે શું કહેવા માગીએ છીએ એ તો એથી પણ ઓછું જાણવા લાગીએ છીએ. પૃ.૭૪**
**૪ (કેળવણી) આપણી ભૂતકાલીન સંસ્કૃતિ અને સંસ્કારિતા સાથે સુસંગત રહેલી હોય, તો પણ આપણે એટલા માત્રથી સંતુષ્ટ રહી શકીએ તેમ નથી. પૃ.૭૫**
**૫ રાષ્ટ્રીય કેળવણીની સામે એક પહેલો જ અને તેને શિથિલ કરી નાખનારો વિરોધ છે..... તે કેળવણીના ક્ષેત્રમાં એક મિથ્યા અને સંકુચિત એવી દેશભક્તિને કશો પણ લાભ ન કરનાર પગપેસારો છે. પૃ.૭૭**
**૬ કેળવણીનું મધ્યવર્તી લક્ષ્ય તો માનવનાં મન અને આત્માની શક્તિઓની રચના કરવી એ છે. પૃ.૭૯**
**૭ (બીજી દલીલ) આપણે તો અર્વાચીન સંસ્કૃતિ એટલે કે યુરોપની સંસ્કૃતિ પ્રાપ્ત કરવાની છે. પૃ.૮૧**
**૮ (વિરોધ પાછળનો ગર્ભિત વિચાર) માનવનું મન સર્વત્ર એક સરખું જ છે. પૃ.૮૨**

પ્રજ્ઞા - જાગરણને લીધે જે પરિણામો દેખાય છે તેમાં સમજણ - શક્તિમાં પ્રચંડ વધારો એ એક મૂળભૂત પરિણામ છે. આ સમજણ શક્તિને જ 'મેધા' કહેવામાં આવે છે, કારણ મેધાનો અર્થ છે અજ્ઞાનનાશક શક્તિ. એક હકારાત્મક અર્થ છે બીજો નકારાત્મક.

આ સમજણ શક્તિનાં નીચેનાં સ્વરૂપો છે :

૧ તર્કશક્તિ
૨ સ્મૃતિ શક્તિ
૩ સંશોધન કે સર્જન શક્તિ
૪ જીવનમાં ઉપયોગ કરી લેવાની આયોજન શક્તિ
૫ દીર્ઘદૃષ્ટિ-ક્ષમતાની શક્તિ

૬ આંતરપ્રેરણાશક્તિ.

આ બધી જ ક્ષમતાઓ તીવ્ર વેગે વિકસવા માંડે છે. આમાંથી જ્યારે જરૂર હોય ત્યારે તે શક્તિને સક્રિય કરવાની આંતર પ્રેરણાઓ પોતાની મેળે મળે છે. જીવનનું સંચાલન કોઈ પ્રજ્ઞાશક્તિ કરી રહી છે તેની અનુભવસિદ્ધ ખાતરી મળે છે.

ભારતમાં પ્રાચીનકાળમાં આ પ્રજ્ઞા-શક્તિ જાગરણનું શિક્ષણ જ મૂળભૂત રીતે અપાતું હોવાથી બહુશ્રુત, મેધાવી એવા લોકોની સંખ્યા ઘણી રહેતી. ભારતનો ભવ્યભૂતકાળનું મૂળ કારણ આ જ હતું. તે પરંપરા તૂટી અને ભારતની અવનતિ શરૂ થઈ. ભારત ફરી પોતાની શિક્ષણપ્રણાલી આ મૂળ વાસ્તવિકતા ઉપર નહિ ઊભી કરે ત્યાં સુધી આ અવનતિ નિવારણ થવાની શક્યતા બહુ જ ઓછી છે. આજની શિક્ષણપ્રણાલી આ સમજણ-શક્તિનો વિકાસ કર્યા વગર વિદ્યાર્થીના મગજમાં દુનિયા આખાની વિગતો ભરી દેવા માંગે છે, તે ખોટી રીત છે. તેથી વિદ્યાર્થીને ભણતર ભારરૂપ લાગવા માંડ્યું છે અને તે વધારે નાસીપાસ થઈ જાય છે. આત્મવિશ્વાસ ખોઈ બેસે છે. આધુનિક-શિક્ષણ પ્રણાલીનું જમા પાસું પણ છે. તેણે માતૃભાષામાં શિક્ષણ આપવાની શરૂઆત કરી એ એક અને સરકાર સાક્ષરતાને વધારવા માંગે છે, શિક્ષણને વ્યાપક કરવા માંગે છે એ બીજું. આ બન્ને સુધારા જરૂરી હતાં. પણ બે ખામી પાયારૂપ છે.

૧ શિક્ષણનો ઉદ્દેશ જીવન-ઉદ્દાત્ત બનાવવા નથી પણ સારી નોકરી કે ઉપજીવિકાનું સાધન મેળવવા માટે છે. આ સર્વ-માન્ય વિચાર

૨ પ્રજ્ઞા-શક્તિની ખીલવણીનો મૂળભૂત પાયો જ આ શિક્ષણ પ્રણાલીમાં નથી.

આ બન્ને મૂળભૂત ખામીઓનું મૂળ જીવન બાબત જે ભૌતિકવાદ સ્વીકારાયો અને ઉપયોગીતાવાદને માન્ય કરાયો તેમાં રહેલ છે. આ બન્ને જીવન-દર્શનના કારણે જીવનમાં ધનદોલત કમાવાની અને સુખ સુવિધાઓને વધારવી આને જ અગ્રતાક્રમ અપાયો. આ વિચારે અર્થતંત્ર અને રાજતંત્રને પણ પોતાનાં ભરડામાં લઈ લીધો છે. માનવીનાં જીવનનું આધ્યાત્મિક-મૂલ્ય ફરી સ્થાપન નહિ થાય ત્યાં સુધી આ વિચારોનો પ્રવાહ ઘટશે નહિ. જડવાદ અને ઉપયોગિતાવાદ અંતે સ્પર્ધાત્મક જીવન નિર્માણ કરી જીવનને, તાણ, રોગ, યાતના, દુઃખ અને અન્યાયથી જ ભરી દેવાનો છે. તેની સમજણ જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી આ ભાવને રોકવા મુશ્કેલ છે. સદ્‌ભાગ્યે આર્થિક શોષણને કારણે થએલાં પાછલાં બે મહાયુદ્ધો અને વૈશ્વિક-મંદીના ભયંકર પરિણામોને કારણે સમગ્ર વિશ્વ હવે નવા માર્ગો તરફ વળવા પ્રયત્ન કરી રહ્યું છે. આ એક નવો આશાવાદ જન્માવે છે.

કેળવણી વિના ન ચાલે આ સર્વમાન્ય થએલો વિચાર આપણને મદદરૂપ થાય એવો છે. પણ કેળવણીનો વ્યવહારુ ઉદ્દેશ શું છે તે બાબતમાં મતમતાંતરો છે. જે પરસ્પર વિરોધી તો છે જ પણ બધામાં માનવી જીવન બાબતનું છીછરું જ્ઞાન પણ છે. માનવી એક

પ્રગત બુદ્ધિમાન પ્રાણી છે. આ જ તેમનો અંતિમ નિષ્કર્ષ છે જે ખરેખર વાસ્તવિકતા નથી. તેવો બાહ્ય દેખાવ હોવા છતાં માનવી-સ્વરૂપના ગહન ઊંડાણો પણ છે જેને પણ કેળવણીમાં વિચારવા પડે છે.

આ છીછરાપણું આવ્યું તેનું કારણ આપણી મૂળ શિક્ષણ-પરંપરાઓ નષ્ટ થઈ અને બ્રિટિશરોએ પોતાના રાજ્ય કારભાર માટે જરૂરી શિક્ષિત નોકરીયાતો નિર્માણ કરવા જે મેકોલેની શિક્ષણ પદ્ધતિ દાખલ કરી તે છે. બ્રિટિશરોએ વારસામાં આપણને આરોગ્યની કાળજી લેવાનું શીખવ્યું, પૈસાનું મહત્ત્વ પણ શીખવ્યું, રાજ્ય કારભાર કરવાની પદ્ધતિ પણ શીખવી, પણ સાથે સાથે ગુલામીવૃત્તિ, આપણી પોતાની સંસ્કૃતિ વિષેનો અનાદર અને સહુથી મહત્ત્વનું એટલે છીછરો ભૌતિકવાદ પણ શીખવ્યો. આમાં આપણી ઉજ્જવળ આધ્યાત્મિક પરંપરાઓ ઢંકાઈ ગઈ. હાલની શિક્ષણપ્રણાલી આ વારસાગત રોગથી પીડાઈ રહી છે, તેથી તેને રાષ્ટ્રીય શિક્ષણ કોઈ હિસાબે કહી શકાય એમ નથી.

ઘણા ચિંતકોએ આ શિક્ષણ-પ્રણાલીને બહારથી ભારતીય વાઘા પહેરાવ્યા અથવા ભારતીય શબ્દોથી રંગરોગાન કર્યું. તેથી પણ તે ખરેખર રાષ્ટ્રીય-શિક્ષણ થઈ જતું નથી. આપણા રાષ્ટ્રનો આત્મા આધ્યાત્મિક છે. જ્યાં સુધી તેને અનુરૂપ શિક્ષણ પ્રણાલી નહિ ગોઠવાય ત્યાં સુધી તેને સાચા અર્થમાં રાષ્ટ્રીય કહી શકાશે નહિ. પણ ઘણા શિક્ષણતજ્ઞોએ આપણી જૂની પરંપરાઓને જ અપનાવી તેને રાષ્ટ્રીય શિક્ષણ નામ અપાયું તે પણ ખોટું જ છે કારણ જૂની શિક્ષણ પરંપરાઓ હાલના જીવનપદ્ધતિમાં યથાયોગ્ય ગોઠવી શકાતી નથી એ વાસ્તવિકતા સ્વીકારવી જરૂરી છે.

આવી રાષ્ટ્રીય કેળવણી સામે વિરોધ કરનારા પણ છે. તેમના મતે જગત એક સંકુચિત અને એકરસ એકમ બની રહ્યું છે ત્યારે રાષ્ટ્રવાદ કે રાષ્ટ્રીય-શિક્ષણનો કોઈ અર્થ જ રહ્યો નથી. એકાંગી દેશભક્તિ અને રાષ્ટ્રવાદ વિશ્વયુદ્ધને નોતરશે એ જર્મનીએ સિદ્ધ કરી બતાડ્યું છે. તેમાં તફાવત પડી જાય છે. દરેક રાષ્ટ્રની સંસ્કૃતિ, ધર્મ, રૂઢિઓ, પરંપરાઓ, ભોગૌલિક સ્થિતિ અને ઈતિહાસને કારણે ઘડાએલી પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોય છે. તેથી દરેકની વિજ્ઞાનનો ઉપયોગ કરવાની પદ્ધતિ પણ જુદી જુદી બની જશે. ભૂતકાળમાં રાષ્ટ્રે જે શક્તિઓ ચારિત્ર્ય-નિર્માણમાં વિકસાવી છે તેનો ભાવિ માટે ઉપયોગ કરી લેવા રાષ્ટ્રીય - શિક્ષણનો ઉપયોગ થાય છે, એ જ મહત્ત્વનું છે.

આ જ વિરોધકો ગુપ્તરીતે અર્વાચીન સંસ્કૃતિ એટલે યુરોપીય સંસ્કૃતિ. યુરોપિય-સંસ્કૃતિને જ આદર્શ સંસ્કૃતિ માનવી જોઈએ. આવો આ લોકોનો દુરાગ્રહ કોઈ માન્ય નહિ કરે. અધ્યાત્મનું ખેંચાણ હવે આ યુરોપિય લોકો પણ અનુભવી રહ્યાં છે ત્યારે ઉપર મુજબના કાલબાહ્ય વિચારને વળગી રહેવું એ ખરેખર બુદ્ધિનું દેવાળું છે. જ્ઞાન કોઈ ખાસ દેશનું હોતું નથી અને શિક્ષણ એટલે જ્ઞાનાર્જન. તો પછી રાષ્ટ્રીય-શિક્ષણ જેવી વસ્તુ જ

(પૃ. ૪૦ ઉપર)

# સુંદર કથાઓ

- માતાજી

## સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

## ભીરુતા

(પેજ - ૭૬-૭૭)

એક ઘનઘોર જંગલ હતું. અનેક પ્રાણીઓ તેમાં વસતાં હતાં, માનવ તો ત્યાં પ્રવેશી જ શકતો નહોતો.

તે જંગલમાં ત્રણ પાકા ભાઈબંધ - એક સિંહ, એક વરુ અને એક શિયાળ. રોજ અલકમલકની વાતો કરે અને આનંદથી રહે.

એક વર્ષ દુકાળ પડ્યો. શાકાહારી પ્રાણીઓ જંગલ છોડી અન્ય સ્થાને જતા રહ્યાં, તેથી માસાંહારી પ્રાણીઓને શિકાર મળવો મુશ્કેલ થવા લાગ્યો.

એક દિવસે સિંહ, વરુ અને શિયાળ પેલા ત્રણે ભાઈબંધોએ સાથે શિકાર કરવાનું નક્કી કર્યું. સદ્ભાગ્યે તેમને ત્રણ શિકાર મળ્યાં, એક ગધેડો, એક હરણ અને એક સસલું.

બપોરે એક ઝાડ નીચે ત્રણે શિકાર સાથે ભેગા થયા. ત્રણેને અંદરથી ઇચ્છા કે તેને વધારે મોટો ભાગ મળે. સિંહ બોલ્યો, ''વરુભાઈ, બોલો કેવી રીતે ભાગ પાડશું ?''

''નામદાર, એમ કરો આપ ગધેડો લો, શિયાળભાઈને સસલું આપો. મને હરણ ચાલશે.''

તે શિકારમાં હરણનું માંસ સહુથી સ્વાદિષ્ટ હતું.

સિંહને ગુસ્સો આવ્યો, તેણે વરુ ઉપર ઝપટ મારી, તેનું માથું ધડથી જુદું થઈ ગયું.

હવે સિંહ શિયાળ તરફ વળ્યો. ''બોલો શિયાળભાઈ શું કરશું.''

''અરે નામદાર, આ વાત તો સહેલી છે. આપ રાજા છો અમે પ્રજા. પ્રથમ રાજાને હક્ક હોય, એમ કરો આપ સવારે ગધેડો ખાજો, રાત્રે હરણ અને બપોરે સસલું ઓછું પડે તો વરુ છે જ.''

''તો પછી તમે શું લેશો ?''

''નામદાર મારે પેટમાં દુખે છે. તેથી મને આજે જરા પણ ખાવું નથી.''

સિંહને આ ન્યાય જચ્યો. તેણે શિયાળનો આભાર માન્યો અને પૂછ્યું: 'આપને આવો સુંદર ન્યાય કરતાં કોણે શીખવ્યું ?''

'' મને નામદાર આ વરુએ હમણા જ શીખવ્યું''

''શું ખરેખર શિયાળ ન્યાયપ્રિય હતો ? કે ભીરુ ?''

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક સૂકતો - દિવ્ય-દેહ નિર્માણ

## **અઘમર્ષણ સૂક્ત** પ્રકરણ - ૩

ઋગ્વેદનાં દશમ મંડલનાં ૧૯૦માં સૂક્તને અઘમર્ષણ સૂક્ત કહે છે. તેના બે કારણો દર્શાવાયા છે.

૧ મધુચ્છંદ ઋષિના પુત્ર અઘમર્ષણ ઋષિએ આ સૂક્ત લખ્યું છે.

૨ અઘ એટલે પાપ અને મર્ષણ એટલે ત્યાગ કરવો. પોતાની અશુદ્ધ અપરા પ્રકૃતિની મલિનતાને ત્યાગીને તેનું પરાપ્રકૃતિમાં રૂપાંતર કરવું. એટલે જ અઘમર્ષણ સૂક્ત. ગાયત્રી ઉપાસનાનું આ સૂક્ત એક અંગ ગણાય છે.

પ્રભુએ પોતે અનંત થવાનો સંકલ્પ સેવ્યો તે પૈકી જે સંકલ્પો સક્રિય બની નિમ્ન જગતોમાં પ્રગટ થવા લાગ્યા તેમને સત્ય કહે છે. જે હજી અપ્રગટ જ છે, બીજ સ્વરૂપ જ છે તેમને 'ઋતમ્' કહે છે. સંકલ્પોને સત્ય કરવા જે દિવ્ય-શક્તિ સક્રિય બની તેનાં બે પાસાં છે તે સંકલ્પને પ્રગટ કરવા આગ્રહ રાખતું પાસું તે છે દિવ્ય-શક્તિ. તે સંકલ્પના અધૂરા આવિર્ભાવોને તોડી નાંખી ઑડિટ કરતી; ઈન્સ્પેકક્ષન કરતી, ચકાસતી શક્તિ તે જ અદિવ્યશક્તિ અથવા તેને અચિત્ કહેવાય છે. આ અચિત્ પણ અખિલ બ્રહ્માંડમાં સાગરની જેમ ફેલાએલ છે.

સ્થળકાળથી અતીત દિવ્ય-ચેતનાને સ્થળકાળમાં પ્રગટ કરાવવાનું કાર્ય સીમિત ચૈત્યપુરુષને રચી કર્યું છે. આ ચૈત્યપુરુષ શરીરનો માલિક છે 'વશિ' છે. તેણે શરીરને ધારણ કરેલ હોવાથી તેનો 'ધાતા' છે પણ અચિતના અઘનાં પ્રભાવ નીચે તે શરીરનો ગુલામ થઈ ગયો છે અને શરીરને ધારણ કરનાર સ્વતંત્ર તત્ત્વ ન રહેતાં શરીર સાથે એકરૂપ થઈ ગયો છે. તેથી અઘનો ત્યાગ કરવો જરૂરી બને છે તે માટે સીમિતતાથી મુક્ત થઈ પહેલાંની જેમ અસીમ, સ્થળકાળથી અતીત બનવું જરૂરી છે. તે માટે અસીમ, પ્રકાશમય, નિરાકાર ચેતાનું ધ્યાન કરવું જરૂરી છે.

**૧ ઋતં ચ સત્યં ચાભીદ્ધાત્ તપસોધ્યજાયત્।**
**તતો રાત્ર્યજાયત તતઃ સમુદ્રા અર્ણવ॥**

પરમપ્રભુની એકાગ્રતા (અભીદ્ધાત્) સ્વરૂપ તપથી જ પ્રભુની ચેતો વિસ્તારમાં અવ્યક્ત બીજ સ્વરૂપ સત્યો (ઋતં) અને વ્યક્ત વાસ્તવિક બનેલાં સત્યો (સત્યં ચ) જન્મ પામ્યાં છે (અધ્યજાયત્) તેને કારણે જ અચિત્, અચેતન તત્ત્વની રાત્રી પણ નિર્માણ થઈ

અને સદા વલોવાતો (અર્ણવઃ) અવચેતનનો મહાસાગર (સમુદ્રા) પણ નિર્માણ થયો.

**૨ સમુદ્રાદર્ણવાદધિ સંવત્સરો અજાયત્।**
**અહોરાત્રાણિ વિદ્ધત્ વિશ્વસ્ય મિષતો વશી॥**

અવચેતનના વલોવાતા મહાસાગરમાંથી (સમુદ્રાદર્ણવાત્) જ (અધિ) કાળપ્રવાહ નિર્માણ થઈ તેમાંથી જીવનરૂપી વર્ષો (સંવત્સર) જીવનનાં સુખદુઃખો (અહોરાત્રાણિ) ક્ષણિક તાણ અને ચિંતા (મિષતો = નિમિષ) જન્મ પામ્યાં (અજાયત્) અને તેથી જ કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ શરીરના નિયામક (વિશ્વસ્ય વશિ) તરીકે જીવાત્મા પણ આવિર્ભાવ પામ્યો.

**૩ સૂર્યચંદ્રમસૌ ધાતા યથાપૂર્વમકલ્પયત્।**
**દિવં ચ પૃથિવીં ચાંતરિક્ષમર્થા સ્વઃ॥**

જીવાત્માએ પ્રભુએ તેના માટે પૂર્વે જેવો સંકલ્પ કરી રાખેલ છે. (યથા પૂર્વ અકલ્પયત) તે મુજબ જ સુષુમ્ણાનાડી દ્વારા વૈશ્વિક તત્ત્વોને ધારણ કરી (ધાતો) સૂર્યનાડી (સૂર્યો) ચંદ્રનાડી (ચંદ્રમસૌ) તે દ્વારા પ્રભા મંડળ (દિવં) મનોમયકોષ (સ્વઃ) પ્રાણમય કોષ (અંતરિક્ષણ) તથા પાર્થિવકોષ (પૃથિવીં) ધારણ કર્યાં.

(આ મંત્રમાં શરીરરચના પ્રભુના સંકલ્પાનુસાર કેવી રીતે થઈ તેનું વર્ણન છે. આ વિભાવનાઓ દ્વારા દિવ્ય-શક્તિઓનું અવતરણ કરાવી અચિતે નિર્માણ કરેલ અશુદ્ધિઓ (અઘઃ)નો નાશ (મર્ષણ) કરવાની યુક્તિ ઋષિ દર્શાવી રહ્યાં છે. સીમિતતાનો ત્યાગ અને અસીમ ચેતનાની ધારણા કરવી જરૂરી છે. તે માટે આપણા તત્ત્વો વૈશ્વિક તત્ત્વોનાં જ અંશ છે, એવી વિભાવના પોષવી જરૂરી છે.

(સારાંશ આ સૂક્ત દ્વારા પરમ-ચેતનાના પ્રકાશને શરીરમાં ઉતારી તેની મદદથી કોષોમાં રહેલ અવચેતન અને અચેતનના રૂપાંતર કરવાની પ્રાથમિક ઝલક આપને જરૂર દેખાશે.)

## સાવિત્રી - સૂક્તિઓ

સંગ્રાહક - પી.એમ. વૈષ્ણવ

1) **Fate is truth working out in Ignorance.**
2) **A conscious power has drawn the plan of life.**
3) **Truth made the world, not a blind Nature force.**
4) **Even death cannot cut short thy spirit's walk.**
5) **Our outward happenings have their seed within.**

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## પ્રજ્ઞાનં બ્રહ્મ

પ્રકરણ -૧૦

ઐતરેયોપનિષદમાં આ મંત્ર આવેલ છે. આને મહાવાક્ય કહેવામાં આવે છે. મહાવાક્ય એટલે કેન્દ્રિય-વિચાર જણાવતું વાક્ય - સારભૂત વાક્ય.

ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો બીજા અધ્યાયમાં દર્શાવેલ છે. જેની પ્રજ્ઞા સ્થિર છે તે સ્થિતપ્રજ્ઞ (તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા - ગીતા) પ્રજ્ઞા શું છે?

તે માટે પ્રજ્ઞા, મેધા, પ્રતિભા, બુદ્ધિ અને ધિ વચ્ચેનાં સૂક્ષ્મ તફાવત જાણી લેવો જરૂરી છે. ઊંધી રીતે સમજતા જઈએ તો જરા સારી રીતે સમજાશે. ઉપર જણાવેલી ઉતરતી શ્રેણી છે. અવળી આરોહણ કરતી શ્રેણી છે. પ્રજ્ઞા સહુથી શ્રેષ્ઠ છે. ધિઃ સહુથી નિમ્ન.

પશુઓ પણ બુદ્ધિ વાપરે જ છે. પોતાનું સંરક્ષણ કરવું જાણે છે. શિકાર કરવાની યુક્તિઓ જાણે છે. પક્ષીઓ પોતાનો માળો બાંધતા જાણે છે. સુગ્રિવ પક્ષીનો ખાસ દાખલો છે. પણ તેઓ આ બધું અભાન રીતે, યાંત્રિક રીતે, સહજ રીતે instinct તરીકે કરે છે. તે તેમની જન્મજાત પ્રવૃત્તિ હોય છે. આવી પડદા પાછળ રહીને, સભાનતા વગર કાર્ય કરતી બુદ્ધિને ફક્ત ધિઃ કહે છે. આ પશુની જેમ બધા જ માનવોને પણ જન્મથી મળેલી છે. વિશ્વામિત્ર ગાયત્રી મંત્રમાં 'ધિ'નો ઉપયોગ આ ખાસ હેતુથી કરે છે જેથી તે મંત્રનો પરિણામ દરેક માનવમાત્ર ઉપર થઈ શકે. (ધીયો યો નઃ પ્રચોદયાત્) ધીઃ એટલે mind.

જ્યારે આ ધિઃ બાબત માનવ સભાન બનવા લાગે છે ત્યારે તેને સભાન ધિઃ અર્થાત્ જાગૃત બનેલી ધિઃ 'બુદ્ધિ' કહેવામાં આવે છે. બુધ એટલે જાણવું, જાગૃત થવું. (બુધ + ધિઃ = બુદ્ધિ) બુદ્ધિ એટલે higher mind.

પ્રતિભા બુદ્ધિથી પણ શ્રેષ્ઠ કક્ષા છે. તેમાં બુદ્ધિ અમુક ક્ષેત્ર કે વિષયમાં ખૂબ જ પૂરેપૂરી જાગૃત થયેલી હોય છે. તે ક્ષેત્રમાં પ્રતિભાની પાછળ થઈ મેધા પણ કાર્ય કરવાની શરૂઆત કરે છે, પણ તે ખાસ વિષય પૂરતી જ સક્રિય બને છે. બુદ્ધિમાં જ્યારે મેધાનો પ્રકાશ પડતો હોય છે અને તે પ્રકાશમય બની ગએલી હોય છે ત્યારે તેને 'પ્રતિભા' કહેવાય છે. 'પ્રતિ' એટલે અમુક ખાસ વિષય બાબતમાં અને 'ભા' એટલે મેધાથી પ્રકાશિત બનેલી. તે વિષયમાં તે વ્યક્તિને આંતરપ્રેરણાથી જ્ઞાન મળતું હોય છે.

આંતર-પ્રેરણા આપવી એ મેધાનું કાર્ય છે પણ અહીં મેધા મર્યાદિત ક્ષેત્રમાં જ પ્રાસંગિક રીતે જ પડદા પાછળ રહીને કાર્ય કરે છે. પ્રતિભા એટલે enlightened mind.

મેધા એ પ્રતિભાથી પણ વધારે શ્રેષ્ઠ ક્ષમતા છે. તેમાં દરેક ક્ષેત્રમાં આંતરપ્રેરણાઓ દ્વારા મદદ મળતી હોય છે. આંતપ્રેરણામાં તાત્કાલિન સીધે સીધું માર્ગદર્શન મળે છે, પણ આ શા

માટે મળે છે તે બાબત વ્યક્તિ અજ્ઞાની હોય છે. આને જ Sixth sense કહે છે. અતિન્દ્રિય શક્તિઓ ધરાવતા ગૂઢવાદીઓની આવી મેધા હોય છે. મેધા એટલે intuitive mind.

પ્રજ્ઞા મેધાથી પણ શ્રેષ્ઠ છે. પ્રકર્ષેણ જ્ઞાયતે ઈતિ પ્રજ્ઞા જે તીવ્ર રીતે તત્કાલિક બધું જ જાણી લે છે તે પ્રજ્ઞા છે. પ્રજ્ઞા આત્માની જન્મજાત જ્ઞાન-શક્તિ છે.

આ પ્રજ્ઞાશક્તિ તરત જ પૂર્ણ રીતે કાર્ય કરતી નથી. તેની બે કક્ષાઓ છે :

૧) પ્રથમ કક્ષામાં તે કાર્ય કરે છે પણ તે જ્ઞાનની ભેદ-બુદ્ધિ યથાવત્ રાખે છે. જ્ઞાતા પોતાને આ જગતમાંની પોતે એક સ્વતંત્ર વ્યક્તિ છે એવું માને છે અને તેથી પોતે જ્ઞાતા છે, જે જાણવાની વસ્તુ છે તે જ્ઞેય છે અને હું આ પ્રસંગે તે જ્ઞેયનું જ્ઞાન મેળવી રહ્યો છું. આમ જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાનનો ભેદ નિર્માણ થાય છે. આ તેની દેહબુદ્ધિને કારણે સર્જાએલો હોય છે. તેની દેહબુદ્ધિ એટલે આ મારો દેહ છે અને તેની દ્વારા હું જીવન જીવું છું. એવો ભાવ, પછી આ દેહ ભૌતિક હોય કે સૂક્ષ્મ હોય કે કારણ દેહ હોય એ અલગ વાત છે. આને કારણે ત્રણ પ્રકાર સર્જાય છે. ભૌતિક શરીરધારીને પ્રાજ્ઞ, પ્રજ્ઞાવંત પ્રજ્ઞાપુરુષ કહેવાય છે. તેણે ભૌતિક, સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીર ધારણ કરેલાં હોય છે. પ્રજ્ઞા-શક્તિ આ કારણ-શરીર દ્વારા વ્યક્ત થાય છે. આવા લોકોની ચેતના મહર્લોકની કહેવાય છે. કારણ પ્રજ્ઞા-શક્તિની મહત્તા તેઓ જાણી ચૂક્યા હોય છે. જેમણે ભૌતિક શરીર ધારણ કરેલ નથી, પણ સૂક્ષ્મ અને કારણ બે જ શરીર ધારણ કરેલાં છે અને જેની પ્રજ્ઞા ખુલી ગઈ છે તેમને સિદ્ધ પુરુષ કહેવાય છે. તે સૂક્ષ્મલોકમાં રહેતા હોય છે. જનલોકના તે નિવાસી હોય છે. કારણ પ્રજ્ઞાનો અહીં વિકાસ થઈ તે પોતાનો વધારે પ્રભાવ દર્શાવવા માંડેલી હોય છે. તેનો જન્મ થઈ ચૂક્યો હોય છે.

જેઓ ફક્ત કારણ શરીર ધારણ કરીને રહેલાં છે અને પ્રજ્ઞા જાગૃત થઈ ગઈ છે. તેઓ તપોલોકની ચેતના ધરાવે છે. તેમની પ્રજ્ઞા વધારે ને વધારે વિકસવા માંડેલી હોય છે અને પોતાનો પ્રભાવ દર્શાવવા માંડેલી હોય છે. આવી પ્રજ્ઞાને Over mind અથવા દિવ્યમન અથવા અધિમનસ કહે છે.

૨) અંતે આવે છે કારણ શરીરની સંકુચિતતા અને દેહબુદ્ધિનો પણ ત્યાગ કરીને વૈશ્વિક એકતા પ્રાપ્ત કરેલી પ્રજ્ઞાશક્તિ. આ દેહબુદ્ધિના અંતિમ નાશ સાથે જ જગત સાથેની ભેદબુદ્ધિ અને પોતાના અનોખો સ્વતંત્ર અસ્તિત્વનો ખ્યાલ પણ જતો રહે છે. તેના આધારે ઊભેલો ત્રિપુટીભેદ - જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાનનો ભેદ પણ કડડભૂસ કરીને ભાંગી પડે છે. અભેદબુદ્ધિ રચાય છે. આ છે સત્ય-લોકની ચેતના. આ છે અતિમનસ ચેતના. આ છે Supermind અથવા Supramental existense. વ્યક્તિ દ્વારા સમષ્ટિનો સાક્ષાત્કાર તે પછી છે સમષ્ટિનો શુદ્ધ સાક્ષાત્કાર. સમષ્ટિ ચેતના દૃઢ થાય છે તેની આ અનુભવના દૃઢીકરણથી ત્રણ અવસ્થા છે. તે છે સત્, ચિત્ અને આનંદ અવસ્થા. આ પ્રદેશ બ્રહ્મ-ચેતનાનો છે. નિરાકાર અસીમ ચેતનાનો છે. સ્વયં પ્રકાશિત સર્વવ્યાપકતાનો છે. આ જ

અવસ્થાને કહે છે પ્રજ્ઞાત અવસ્થા અને આ પ્રદેશને કહે છે પ્રજ્ઞાનં બ્રહ્મ.

વ્યક્તિકક્ષાના પ્રજ્ઞાના આવિર્ભાવની અવસ્થાને કહે છે 'સંપ્રજ્ઞાત' અવસ્થા. તે મેધા જનનની અવસ્થા છે. તે સમાધિનો પ્રકાર છે. ધી જ્યારે બ્રહ્મ જેવી થવા માંડે છે ત્યારે તેને સમાધિ કહેવામાં આવે છે. તે સામ્યાવસ્થા સ્વરૂપ છે. વેદોમાં બ્રહ્મને 'સામ' કહ્યું છે, સામવેદ તેનો વેદ છે.

આવી પ્રજ્ઞાના જાગરણ પહેલાની પ્રતિભા અવસ્થાને નિમ્ન કક્ષાની સમાધિ કહેવામાં આવે છે. તેને 'અસંપ્રજ્ઞાત' સમાધિ કહે છે. સંપ્રજ્ઞાત અને 'અસંપ્રજ્ઞાત' આ શબ્દો પતંજલીએ પોતાના યોગસૂત્રોમાં વાપરેલાં છે.

તો પ્રજ્ઞાનં બ્રહ્મ એટલે વૈશ્વિક સ્વરૂપ ધારણ કરેલી પ્રજ્ઞાની પૂર્ણ વિકસિત અવસ્થા, જેને બ્રાહ્મી અવસ્થા કહે છે. આમાં તેના જ્ઞાનાત્મક પાસા ઉપર વધારે ઝોક આપેલો છે, એટલું જ.

---

(પૃ. ૩૪ ઉપરથી)

## રાષ્ટ્રિય શિક્ષણ

નથી. માનવને માનવ તરીકે સમજો, ભારતીય બ્રિટિશ કે અમેરિકન તરીકે નહિ. તેથી કેળવણી સમગ્ર વિશ્વમાં સરખી જ હોવી જોઈએ.

આ તર્કનો પાયો જ ખોટો છે. શિક્ષણ એટલે ફક્ત વિવિધ વૈજ્ઞાનિક માહિતી આપવી એવો અર્થ નથી. માહિતી આપવી એ શિક્ષણનું દુય્યમ (secondary) કાર્ય છે. વૈજ્ઞાનિક - વિગતો તો બધી જ રાષ્ટ્રીય-શિક્ષણ પ્રણાલીમાં સરખી જ હશે. તેમાં કોઈ વિરોધ હોવાની શક્યતા જ નથી.

શિક્ષણના મૂળ ઉદ્દેશ છે દરેક વ્યક્તિના ચેતનાનો વિકાસ તેના આત્માની સુંદર, સુસંવાદી અભિવ્યક્તિ. વિજ્ઞાન તો બધા જ સરખું ભણશે પણ તેનો ઉપયોગ બધા સમાન રીતે નહિ કરે. તેમાં તફાવત પડતો જાય છે. તે જીવનના કયા અંગ માટે પ્રમુખ રીતે વાપરશું. તે મુજબ તે તફાવત પડશે.

ઉપરના વિરોધમાં એક મૂળભૂત માન્યતા છે કે માનવમાત્રનાં મન સરખાં જ હોય છે, તેથી કેળવણી પણ સરખી જ હોવી જોઈએ. પણ હવે આથી તદ્દન વિરોધી વિચાર માન્ય થઈ રહ્યો છે કે દરેકનું મન એક ખાસ લાક્ષણિકતા ધરાવે છે જે અન્યમાં હોતી નથી.

વાસ્તવિકતા એ છે કે મનના ઘાટો થોડાક સમાન હોય છે, થોડાક વિશેષ. આ મનના સમાન ઘાટોને શિક્ષણ આપવા રાષ્ટ્રીય-શિક્ષણની જરૂર પડે છે, જ્યારે વિશેષ ક્ષમતાને વધારે વિકસાવવા ખાસ-શિક્ષણની. તેથી જ હવે વિષયોની પસંદગી કરવાનું વિદ્યાર્થીઓ ઉપર છોડી દેવામાં આવ્યું છે. આ બન્ને પાસાને વિકસાવવા માટે પ્રજ્ઞા-જાગરણ આ જ મૂળભૂત ઉપાય છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન સપ્ટેમ્બરનાં ૨૦૦૯ના Next Futureનો સાર - સાભાર)

## જીવનનું સાચું મહાઆયોજન

**આપણે જીવનમાં કાંઈક છુપાવવાનો, ડોળ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણે વાસ્તવિકતા જોતાં જ નથી. આપણે એમ માનવાનો પ્રયત્ન કરીએ છીએ કે તે અસ્તિત્વમાં જ નથી. પણ તે છે જ. તમે બહારથી કેટલા પણ ભાવપ્રધાન કે ઠંડા દેખાતા હો પણ આપણી અંદરનો અમુક ભાગ તો શુષ્ક અને ઉષ્માભર્યો છે. આપણી અંદર જે ઉષ્માભર્યું છે તે પ્રભુની હાજરી છે. તે આપણા અંતરતમ પ્રકૃતિના ઊંડાણમાં વસેલો છે. બાકી બધી જ રીતે તમે પોતાભણી જુઓ ત્યાં તમને શુષ્કતા જ લાગશે પણ અંદર પેલા ઊંડાણમાં તમને ઉષ્માભર્યું સ્મિત આવકારતું જ હશે.**

**પણ આ બધું કહેવાની જરૂર અને પ્રયોજન શું છે જ્યારે આ વાસ્તવિકતા આપણે બધા જ જાણીએ છીએ.**

**સીધું અને સરળ કારણ છે. આપણે ભુલકણાઓના સરદાર છીએ, આપણું જગત જ્યારે સવેગે ફરતું લાગે છે, ત્યારે આપણે આ આંતરિક એકાગ્રતા ચૂકી જઈએ છીએ. એકાગ્રતા ચૂકતા જ જે વસ્તુ આપણને આધાર આપે છે તે ઉપરની એકાગ્રતા છૂટી જાય છે. તે બિન્દુ અંદર છે. જગતની ગતિ ધીમી કરવા આ બિન્દુ તરફ ફરી એકાગ્રતા કરવા સિવાય બીજો ઉપાય નથી. તે એકાગ્રતા ટકાવી રાખો. આપણે એ જ કરી શકીએ છીએ. બસ આ કાર્ય કરવું જ મહત્ત્વનું છે, બાકીનાં મહાન આયોજનનો વિચાર ન કરો. સાચું અને પૂરેપૂરું વળતર આપનારું મહા આયોજન આ જ છે.**

# શ્રી અરવિંદ પુદુચેરી આગમન શતાબ્દી

## ૧ આધ્યાત્મિક બનવાની સંમતિ

- હર્ષદ ઠકરાર

આપણે સૌ શ્રી અરવિંદ પુદૂચેરી આગમનની શતાબ્દી ઉજવી રહ્યા છીએ. આ શતાબ્દી શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પૂર્ણયોગના સાધક તરીકે કેવી રીતે ઉજવવી જોઈએ, તે માટે શ્રી માતાજીએ શ્રી અરવિંદ જન્મ શતાબ્દી નિમિત્તે આપેલા સંદેશાઓ સાધકને સાધનામાં ખૂબ જ ઉપયોગી થાય છે.

શ્રી અરવિંદ પુદૂચેરી આગમન શતાબ્દી કેવી રીતે ઉજવવી જોઈએ તે માટે શ્રી અરવિંદ આશ્રમ પુદૂચેરી દ્વારા પ્રકાશિત ૧૫ ઑગસ્ટ ૨૦૦૯નો સંદેશો સાધકને સાચા જીવન જીવવાનો રાહ નિર્દેશ કરે છે.

15 August 2009

Sri Aurobindo came to tell us how to find Thee and how to serve Thee.

Grant that in this year of his centeuary we may truly understand what he has taught us and in all sincerity put it into practice.

The Mother

(First published for Sri Aurobindo's birth centenary 1972)

૧૫ ઑગસ્ટ ૨૦૦૯

શ્રી અરવિંદ આપણને એ કહેવા આવ્યા હતા કે તને રીતે શોધવા અને તારી સેવા કેવી રીતે કરવી.

વરદાન આપ કે એમની શતાબ્દીના આ વર્ષમાં એમણે આપણને જો શીખવું છે તે આપણે સાચી રીતે સમજીએ અને પૂર્ણ સન્નિષ્ઠાથી તેને વ્યવહારમાં મુકીએ.

- શ્રી માતાજી

(શ્રી અરવિંદ જન્મ શતાબ્દી વર્ષ ૧૯૭૨માં પ્રથમ વખત પ્રકાશિત થયું)

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ શ્રી અરવિંદનું આ ભૌતિક જગતમાં આર્વિભાવ સાધકને પરમ પ્રભુની શોધ કેવી કરવી અને શોધ બાદ પ્રભુની સેવા કેવી રીતે કરવી તે શીખવવા માટે થયેલ છે.

આથી દરેક સાધકે પોતાના જીવનનું પોતાની જાતનું મૂલ્યાંકન કરવાનું છે કે પોતે પ્રભુની શોધ માટે જીવન વ્યતિત કરવા શ્રી અરવિંદના પૂર્ણયોગની સાધના કરે છે કે પછી બતાવવા માટે સાધના કરે છે. શ્રી માતાજી જણાવે છે તે મુજબ સાધકના જીવનો હેતુ

પ્રભુની શોધ છે.

પ્રભુની શોધ કર્યાથી સાધકે સંતોષ માનીને બેસી રહેવાનું નથી. પરંતુ શ્રી માતાજી જણાવે છે તે મુજબ પ્રભુની સેવા કરવા કાર્યવિન્ત રહેવાનું છે, જેથી પ્રભુનો આ સાક્ષાત્કાર થઈ શકે અને પ્રત્યેક કાર્ય પ્રભુનું દિવ્ય કાર્ય બની રહે.

પ્રભુની શોધ માટે શ્રી માતાજી જણાવે છે તે મુજબ સાધકમાં સાચી સમજશક્તિ વિકાસ પામવી જોઈએ.

સાધકનું માનવીય મન ચંચળ છે એક જગ્યાએ સ્થિર થતું નથી. માખી મિષ્ટાન્ન ઉપર પણ બેસે છે, તેમજ ગંદકી ઉપર પણ બેસે છે. તે રીતે માનવનું મન સારા વિચારોની સાથે ખરાબ વિચારો પણ કરતું હોય છે. સાચી સમજશક્તિ માનવ મનને કેળવીને મધમાખી જેવું બનાવે છે. મધમાખી ફક્ત પુષ્પ ઉપર બેસે છે અને પુષ્પમાં રહેલ તેનું અર્ક રૂપી મધ ગ્રહણ કરે છે. તે રીતે સાચી સમજશક્તિ માનવ મનને ફક્ત પ્રભુની શોધ માટે સ્થિર કરી આપે છે.

પ્રભુની શોધ દ્વારા માનવ દિવ્યતાને પામે છે. પ્રભુની આ દિવ્યતાને વ્યવહારમાં કેવી રીતે ઉતારવી તે માટે સાધકે સંન્નિષ્ઠ બનવું પડે છે.

શ્રી માતાજી જણાવે છે તે મુજબ સંન્નિષ્ઠા એ દિવ્યતાનું દ્વાર છે. સાધક જ્યારે સન્નિષ્ઠ બને છે ત્યારે તેને પ્રભુની દિવ્યતાને વ્યવહારમાં મૂકવા કોઈ પણ પ્રકારની મુશ્કેલી અનુભવાતી નથી. કારણકે સાધક પ્રભુની દિવ્યશક્તિ દ્વારા કાર્ય કરતો હોવાથી મુશ્કેલી રહેતી નથી. આથી જ સન્નિષ્ઠા સાધકને નિર્ભય બનાવે છે.

સાધક સન્નિષ્ઠ છે કે નહીં તેના વ્યવહાર ઉપરથી સમજાવે છે, કારણકે સન્નિષ્ઠ સાધક ક્યારેય પણ દંભ કરતો નથી પરંતુ માનવ પોતે જે દિવ્યતાનો બનેલો છે તેને અભિવ્યક્ત કરે છે.

સન્નિષ્ઠ સાધક ક્યારે પણ દિવા સ્વપ્નોમાં રાચતો નથી, પરંતુ નક્કર વાસ્તવિકતા દ્વારા દિવ્યતાને અભિવ્યક્ત કરતો હોય છે.

આમ સન્નિષ્ઠા એટલે બધી ગતિઓને ઊંચે ઉઠાવીને ઉચ્ચત્તમ ચેતનાની ભૂમિકા ઉપર લઈ જવી અને સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યાની તે ભૂમિકામાં રહેવું.

સત્યનિષ્ઠા દ્વારા સ્વરૂપ એક એક ભાગ દ્વારા માનવના કેન્દ્ર સ્થાને રહેલ પ્રભુના સંકલ્પની સાથે એકતા અને સંવાદિતા અભિવ્યક્ત કરે છે.

ચાલો આપણે સૌ સાથે મળી પ્રાર્થના કરીએ કે શ્રી અરવિંદે આપણને જે સાચી સમજ તથા સન્નિષ્ઠા શીખવ્યા છે તે દ્વારા પ્રભુની સેવા કરીએ.

ૐ શાંતિ શાંતિ શાંતિ

# શ્રી અરવિંદ પુદુચેરી આગમન શતાબ્દી

## ૨ શ્રી અરવિંદનાં પાંચ સ્વપ્નો

- જયેશભાઈ દેસાઈ

(શ્રી અરવિંદ પૂદુચેરી આગમન શતાબ્દી કાળમાં દિવ્યપિતા શ્રી અરવિંદનાં આ પાંચ સ્વપ્નોને યથાશક્તિ પૂરા કરવા એ તેમના બાળકોનું વારસાગત કર્તવ્ય છે.) - **તંત્રી**

**ઐતિહાસિક મહત્ત્વ**

પંડિતો શાસ્ત્રોમાંથી બોલે છે, મહર્ષિઓ જે બોલે છે એમાંથી શાસ્ત્રો રચાય છે. માનવજીવન ઉચ્ચતર ભૂમિકાએ પહોંચે છે, રાષ્ટ્રજીવનનાં વહેણ નિશ્ચિત દિશા પકડે છે, માનવજાતને ધ્યેય, દિશા અને ગતિ પ્રાપ્ત થાય છે. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના ભારત સ્વાતંત્ર્ય દિવસ પ્રસંગે મહર્ષિ શ્રી અરવિંદે જે સંદેશો આપ્યો છે તે આવું ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

તા.૫.૧૨.૧૯૫૦ને દિવસે શ્રી અરવિંદે દેહ છોડ્યો. એક સાધકે આશ્રમનાં માતાજીને પૂછ્યું માતાજી ભારતને સંગઠિત અને સુદૃઢ બનાવવા શું કરવું જોઈએ ? શ્રી માતાજીએ જવાબ આપ્યો, **શ્રી અરવિંદનો ૧૫ ઑગસ્ટ ૧૯૪૭નો સંદેશ વારંવાર વંચાવો જોઈએ અને એનું રહસ્ય કરોડો દેશવાસીઓને સમજાવવું જોઈએ.** દેશને શ્રી અરવિંદની શ્રદ્ધા, સત્યનિષ્ઠા અને આત્મસમર્પણની જરૂર છે. માતાજીએ નિર્દિષ્ટ કાર્ય હજી સુધી પૂર્ણપણે થયું નથી. આપણે તે માર્ગે ડગલું ભરવાપણું છે. આ સંદેશ ભારતના આકાશવાણી ઉપરથી પ્રસારિત કરવામાં આવતો હતો તથા સરદાર વલ્લભભાઈ પટેલના સૂચનથી તથા તત્કાલીન ગવર્નર જનરલ સી. રાજગોપાલચારીની સંમતિથી પાર્લામેન્ટમાં વાંચવામાં આવ્યો હતો.

શ્રી અરવિંદ કહે છે ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ એ ભારત અને માનવજાતના ઈતિહાસમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. એક જૂનો યુગ પૂરો થાય છે. એક નવો યુગ બેસે છે. આખીય માનવજાતના સમગ્ર ભાવિ માટેના એક નૂતન યુગનું મંડાણ કરી શકીએ એવી શક્યતા છે. આ દિવસે જ ભારત સ્વતંત્ર થઈ રહ્યું છે એ બતાવે છે કે ભારતની સ્વતંત્રતા માટે તેઓ જે ઝઝુમ્યા તે પ્રયત્નો પર પ્રભુએ સંમતિની મહોર મારી છે. જીવનકાળ દરમ્યાન શ્રી અરવિંદે જે મુખ્ય પાંચ સ્વપ્નો સેવ્યાં એ પણ સાકાર થયાં છે અથવા સાકાર થવા તરફની તેઓની ગતિનો પ્રારંભ થઈ ગયો છે.

**શ્રી અરવિંદના પાંચ સ્વપ્નો**

**પ્રથમ સ્વપ્ન હતું ભારતની સ્વતંત્રતા અને એકતાનું.** શ્રી અરવિંદ કહે છે સ્વતંત્રતા સિદ્ધ થઈ છે પરંતુ એકતા સિદ્ધ નથી થઈ. પછાત જાતિઓ, પછાત વર્ગો તથા દેશી

રાજ્યોના પ્રશ્ન ઉકેલાઈ ગયો છે અથવા ઉકેલાઈ જશે, પરંતુ દેશના ભાગલા એ અસ્થિભંગ ફ્રેક્ચર સમાન છે. ભારત અને પાકિસ્તાનના આ ભાગલા જવા જ જોઈએ અને જશે જ. તે વિના બંને દેશો સમૃદ્ધ અને શક્તિશાળી નહિ થાય, બહારના દેશોનું સીધું કે આડકતરું આધિપત્ય આવી જાય, આંતરવિગ્રહ થાય તથા આ દેશનું પૃથ્વી પર જે વિશિષ્ઠ કાર્ય છે તે એ કરી શકશે નહીં. ભાગલા નહીં જાય ત્યાં સુધી ભારત સર્વ રીતે મહાન બની જગતમાં પોતાનો સશક્ત અવાજ રજૂ કરી શકશે નહીં. સાધકે આ સંદર્ભે માતાજીને પૂછ્યું શું આ એકતા માટે ભારતે પાકિસ્તાન પર લશ્કરી હુમલો કરી તેને જીતી લેવું પડશે ? માતાજીએ ભાવિ ભાખતા હોય તેમ કહ્યું ના, એવી જરૂર નહીં પડે. પાકિસ્તાનની અંદરની પરિસ્થિતિ જ તેને ભારતીય મહાસંઘમાં જોડાવા તૈયાર કરશે. ૧૯૪૭/૫૪ના દિવસોમાં આવી કલ્પના પણ કોઈ કરી શકે?

**બીજું સ્વપ્ન શ્રી અરવિંદનું હતું** એશિયાના દેશોની આઝાદી તથા જગતના વ્યવહારોમાં તેઓ અગ્રભાગ ભજવતા થાય તે. ૧૯૪૭ પછી એશિયાના ૨૦ થી ૨૨ દેશો સ્વતંત્ર થયા અને આજે તો ચીન, ભારત, ઈરાન, જાપાન, કોરિયા જગતના રાજકારણ અને અર્થકારણને અસર કરી રહ્યા છે. આવતા દિવસોમાં તે વધુ ને વધુ મહત્ત્વનો ભાગ ભજવવાનાં છે. અમેરિકા અને પશ્ચિમી દેશોનો ઈજારો તૂટવાનો જ છે, એમણે સર્જેલું મૂડીવાદી માળખું તૂટી રહ્યું છે, પરિવર્તન વગર છૂટકો જ નથી અને એક નવી જ રાજકીય, આર્થિક અને સામાજિક વ્યવસ્થાનો જગતમાં ઉદય એ અવશ્યમ્ ભાવિ છે.

**ત્રીજું સ્વપ્ન શ્રી અરવિંદનું હતું** જગતના એક રાષ્ટ્રસંઘની સ્થાપના જે દ્વારા માનવજાતિને એક વધુ ઉત્તમ જીવન જીવવા માટેની એક બાહ્ય ભૂમિકા પ્રાપ્ત થાય. યુ. એન. સંસ્થા સ્થપાઈ છે, પરંતુ તેમાં પાંચ દેશોની ઈજારાશાહી છે તેને સમાપ્ત કરવાની જરૂર છે, યુ.એન.ને યુદ્ધ અને શાંતિના વિષયોમાં વધુ બળવત્તર બનાવવાની જરૂર છે. પરંતુ આ તો રાજકીય બાહ્ય માળખાની જ વાત થઈ. અર્થતંત્રો એક થઈ રહ્યાં છે, સાંસ્કૃતિક, શૈક્ષણિક આદાનપ્રદાનો વધી રહ્યાં છે. એક વિશ્વની ભાવના માનવમન પર છવાઈ રહી છે. છેવટે મુશ્કેલીઓ આવશે છતાંય શ્રી અરવિંદનું આ સ્વપ્ન સાકાર થઈને જ રહેશે.

**ચોથું સ્વપ્ન શ્રી અરવિંદનું હતું** ભારતે જગતને આપવાની આધ્યાત્મિક ભેટનું. ભારતની આધ્યાત્મિકતા યુરોપ અને અમેરિકામાં વધુ અને વધુ પ્રમાણમાં પ્રવેશી રહી છે. યોગ, તંત્ર અને આધ્યાત્મિકતાની આ પ્રવૃત્તિ અટકવાની નથી, તે વધુ અને વધુ પ્રસરવાની છે, સ્વીકાર પામવાની છે, માનવમનનો કબજો લેવાની છે. આજના આ ઘોર વિપત્તિના યુગમાં વધુ અને વધુ આંખો ભારતની તત્ત્વદૃષ્ટિને અનુસરવા લાગી છે, એટલું જ નહીં, ભારતનાં સૂક્ષ્મ અને આધ્યાત્મિક સાધનોનો પણ આશ્રય લેવા માંડ્યા છે.

**પાંચમું અને છેલ્લું સ્વપ્ન**

શ્રી અરવિંદનું માનવ વિકાસમાં, ઉત્ક્રાંતિના માર્ગ પર એક નવું પગલું, એક નવી ભૂમિકાની પ્રાપ્તિનું છે. આજની મન, બુદ્ધિ અને વિચાર પર આધારિત મનુષ્ય એક વધુ ઉચ્ચ અને વિશાળ ચેતનામાં આરોહણ પામશે. માનવજાત પૂર્ણતા તરફ ગતિ કરશે અને જે પ્રશ્નો અને ગૂંચોથી આજની માનવજાત ત્રસ્ત છે તેનો આ નવસમાજ ઉકેલ લાવી દેશે. એક નવી રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા જગત પર આકાર લેશે. અબજો વર્ષો પહેલાં સૂર્યના ધગધગતા ગોળામાંથી ધગધગતો અને અત્યંત ગરમ પૃથ્વીનો ગોળો છૂટો પડી સૂર્યની પ્રદક્ષિણા કરવા લાગ્યો. કાળક્રમે તે થોડો ઠંડો પડતાં પૃથ્વી પર જમીન અને પાણીના સાગરો રચાયાં. આ નિર્જીવ લાગતી સૃષ્ટિમાં એક ચમત્કાર થયો અને મેટર (દ્રવ્ય)માંથી લાઈફ (જીવન) પ્રગટ્યું. પછી તો ઠંડી પડતી જમીન પર જંગલો, જળચરો, સ્થળચર પ્રાણીઓ અને પક્ષીઓ અને આખીયે જીવસૃષ્ટિ વિકાસ પામી. જીવનના પ્રાગટ્યમાંથી લાગણી સહજીવનના પ્રાગટ્યનો માર્ગ ખૂલ્યો. પ્રાણમય જીવોથી પૃથ્વી ઊભરવા માંડી. ત્યાં વળી આ પ્રાણમય સૃષ્ટિમાંથી મનોમય જગત પ્રાગટ્ય પામ્યું. વિચાર કરતા, બુદ્ધિ વાપરી જીવન જીવતા પ્રાણીઓએ પ્રાણમય જગત, જીવમય જગત અને દ્રવ્યમય જગત પર આધિપત્ય જમાવ્યું. અબજો વર્ષોના સમયમાર્ગ ઉપર ચાલી આવતી ઊત્ક્રાંતિ યાત્રાની ટોચ ઉપર આજનો માનવ ઊભો છે. પરંતુ આજનો માનવ ગમે તેટલો બહારથી સભ્ય અને સંસ્કૃત લાગે, અંદરથી તે હજી અર્ધપશુ અને અર્ધમાનવ જ છે. આવા અધકચરા સર્જન આગળ ઊત્ક્રાંતિ અટકી શકે નહીં. આજના માનવે પૂર્ણમાનવ અને દેવત્ત્વ તરફ ગતિ કરવાની જ છે. આજનો માનવએ ઊત્ક્રાંતિની કમાનનો મધ્ય ચાવીરૂપ પથ્થર નથી જ નથી. ઊત્ક્રાંતિના માર્ગ પર આજના માનવપ્રાણીનું અતિક્રમણ થવાનું જ છે, એક નવમાનવનો આ પૃથ્વી પર પાર્દુભાવ અવશ્ય થવાનો જ છે. શ્રી અરવિંદ ફક્ત ભૂતકાળના ભવ્યતાના જ ઉદ્ગાતા નથી. એ તો પૃથ્વીના સુવર્ણમય ભાવિના ઉદ્ગાતા, શિલ્પી અને અગ્રદૂત છે. તેઓ કહે છે ભાવિ એક સ્વર્ણિમ્ જગત અને નવમાનવજાતના પ્રાગટ્યની તૈયારી કરી રહ્યું છે. આ સ્વપ્ન સૌથી કઠિન છે પરંતુ શ્રી અરવિંદે વર્ષોની યોગસાધના કરી અધિમનસ અને અતિમનસ ચેતનાશક્તિને પૃથ્વીમાં ઊતારી છે. એ આ કાર્યમાં પ્રવૃત્ત છે. અને આ ધ્યેયની વિરુદ્ધના તમામ પરિબળો તથા પ્રવૃત્તિઓનો તે સફાયો કરી નાંખશે. આ છે શ્રી અરવિંદનો ભારતની સ્વતંત્રતા પર્વ નિમિત્તેનો સંદેશ. આ બધા જ સ્વપ્નોને સાકાર કરવામાં ભારતે અગત્યનો ભાગ ભજવીને રહેવાનું છે, સંગઠીત થવાનું છે, શક્તિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની છે તથા જગતના કલ્યાણના હેતુઓ માટે સાંકડી કૂટનીતિ નહીં પરંતુ વિશાળ ધ્યેય આધારિત રાજકીય મુત્સદ્દીગીરીનો ઉપયોગ કરવાનો છે. આ ધ્યેયો ક્યારે, કેવી રીતે, કેવા સ્વરૂપમાં સાકાર થશે એનો આધાર હવે જગતની ભારતની પ્રજાના વર્તન પર છે.

# વિજ્ઞાન અને અધ્યાત્મ

- માનસિંહ ચાવડા

## વિજ્ઞાનનો અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ

પ્રકરણ - ૬

ચેતના જે અધ્યાત્મના અભ્યાસનો મૂળ વિષય છે તે ભૌતિક સ્તરે પ્રકાશ સ્વરૂપે પ્રગટ થાય છે. પ્રકાશ એ સક્રિય ચેતનાની ભૌતિક - અભિવ્યક્તિ સ્વરૂપ હોય છે. આ પ્રકાશમાંથી જે વિદ્યુત-શક્તિ નિર્માણ થાય છે, તેને વેદોમાં પ્રાણ-શક્તિ કહેલ છે. પ્રાણનો અર્થ છે જલદગતિથી વહન કરનારી શક્તિ. (પ્રકર્ષેણ નયતે ઈતિ પ્રાણઃ) પ્રાણ ચેતનાના સંકલ્પને સક્રિય કરી તેનું વહન કરનારી શક્તિ છે. તેથી ઉપાનષદોમાં અખિલ બ્રહ્માંડ પ્રાણ તત્ત્વનાં જ કંપનો સિવાય કાંઈ નથી એવો સિદ્ધાંત માન્ય રાખેલો છે. કોસ્મિક-કિરણો એ તે પ્રાણતત્ત્વનાં જ વિવિધ સ્તરોએ થતી ક્રિયાના માધ્યમમાત્ર છે. આમ કોસ્મિક-કિરણોનું સંશોધન અંતે અધ્યાત્મશાસ્ત્રના પ્રાણ-શક્તિનાં કાર્યની વિગતો જાણવા મદદરૂપ જ થવાનાં છે.

અધ્યાત્મશાસ્ત્ર એમ જણાવે છે કે ભૌતિક તત્ત્વ એ ફક્ત થીજી ગએલી ચેતના માત્ર છે. થીજી ગએલી એટલે ચેતનાને પોતાને પ્રગટ કરવાનાં માધ્યમ હજી વિકસ્યા ન હોવાથી તે પોતાને ભૌતિક તત્ત્વ મારફત પ્રગટ કરી શકતી નથી. આ તેની અવ્યક્ત અવસ્થા જ આપણને જડ-તત્ત્વ તરીકે ભાસે છે. ભૌતિક તત્ત્વ અણુ-શક્તિ સ્વરૂપ છે, એવું હવે વિજ્ઞાને પુરવાર કર્યું છે. શક્તિ-સ્વરૂપ ચેતનાનું એવું માધ્યમ છે જે હજી અર્ધ-વિકસિત છે. તે ચેતનાના કાર્યને પ્રગટ કરી શકે છે પણ તેના મૂળ સ્વરૂપને હજી પ્રગટ કરવા સમર્થ નથી. જ્યારે તે શક્તિ સ્વરૂપ પોતાની બાબતમાં સભાન બનવા લાગે છે ત્યારે તે ધીમે ધીમે ચેતનાને પ્રગટ કરવા સમર્થ બને છે. ચેતના એ આત્મતત્ત્વની સક્રિય અવસ્થા માત્ર છે.

ઉપર જણાવ્યું છે કે વિદ્યુતશક્તિ એ ચેતનાનો ભૌતિક સ્તરનો પ્રાથમિક આવિર્ભાવ હોય છે. તે વિદ્યુત-શક્તિનું જ દરેક વસ્તુમાત્ર કે વ્યક્તિમાત્રનું આભામંડળ બનેલું હોય છે. આભામંડળને જ વેદોમાં દ્યુલોક અથવા વિદ્યુતલોક કહ્યો છે. એ સૂચવે છે કે વૈદિક ઋષિઓ આજના વિજ્ઞાનના આ સંશોધનો પોતે જાણતાં હતાં. તેઓ એ પણ જાણતા હતા કે વિદ્યુત-પ્રકાશની રંગ છટાઓ વિદ્યુત-તરંગનાં આંદોલન સંખ્યા ઉપર આધારિત છે. ભાવના અને વિચારોનું વિદ્યુત-સ્વરૂપ એટલે

આવી ઑરામાંની રંગછટાઓ. આને કારણે ઑરામાંની રંગ-છટાઓ જોઈને ઋષિઓ તે વ્યક્તિનાં મનમાં ક્યા ભાવો કે વિચારો રમી રહ્યાં છે તે જણાવી શકતાં હતાં. આને તેઓ 'પશ્યંતિભાષા' કહેતા હતા. પશ્યંતિભાષા એટલે એવી ભાષા જે આભામંડળમાં ઉદ્ભવતી પ્રકાશ-રંગ છટાઓ દ્વારા ભાવો, વિચારોને અભિવ્યક્ત કરે છે. આજના વિજ્ઞાનનું લાય-ડિટેકટર મગજમાં નિર્માણ થતાં વિદ્યુત-તરંગોની નોંધ લઈને જ અપરાધીના મનની વાસ્તવિકતાઓ જણાવે છે. આવા વિદ્યુત-તરંગો જ આભામંડળમાં રંગ છટા રચે છે. એકંદરે લાયડિટેકટર પશ્યંતિભાષાને પકડી પાડવાનું જ એક સાધન છે. તે જ પ્રમાણે સ્વપ્નાઓ એ પશ્યંતિ-ભાષાની જ ઘટનાઓ છે જેમાં પ્રતીકાત્મક કે ચિત્ર-ભાષા અર્થાત્ વિડીઓ જેવા દર્શનો થાય છે.

પેરા-સાયકોલોજી હવે બે ત્રણ ઘટનાઓ બાબત ઊંડાણપૂર્વક અભ્યાસ કરી રહી છે.

૧ પુનર્જન્મની ઘટનાઓ

૨ આઉટ ઓફ બોડી એક્ષ્પેરીયન્સ

૩ મૃતાત્મા સાથેના વાર્તાલાપો

આ ત્રણે ઘટનાઓ વાસ્તવિક છે એમ પેરા-સાયકોલોજી હવે માન્ય રાખે છે અને ત્રણે ઘટનાઓ મૃત્યુ પછીના અસ્તિત્વને સ્વીકારવા લાગ્યું છે.

બીજી બાજુ માનવમાં પ્રગટ થતી દૂર-શ્રવણ, દૂર-દર્શન જેવી વિલક્ષણ ક્ષમતાઓ વિજ્ઞાને પણ, હવે ટેલિફોન અને ટેલિવિઝન મારફત શક્ય થતી જોઈ છે. તેથી ઉપરોક્ત તેવી ઘટનાઓ પાછળ ખરેખર શું તથ્ય છે, તેનો પણ પેરા-સાયકોલોજી સંશોધન કરી રહી છે.

રેકી, પ્રાણિક અને સ્પિરીચ્યુઅલ હિલીંગના પણ પ્રત્યક્ષ પુરાવા રજૂ થઈ રહ્યા છે. તે પણ હવે સંશોધનનો વિષય બની ગયો છે.

આવી રીતે વિજ્ઞાન પણ અધ્યાત્મનાં કોયડાઓમાં રસ લેતું થયું છે. ભૌતિક અસ્તિત્વ કરતાં સૂક્ષ્મ સ્તરે પણ અસ્તિત્વ છે, એ તેમણે માન્ય કરેલ છે.

## બુદ્ધિ અને અહમ્‌નો ઉપયોગ

આપણી બુદ્ધિ અને આપણો અહમ્ આપણને ઘણીય વખત ખોટી દિશા તરફ દોરે એવું થોડું છે? અને જો આમ જ હોય તો આપણા માટે અજ્ઞાતને પામવાના દ્વાર સદાય માટે બંધ જ રહેવાના.

૩૦.૧૨.૭૫ - **ભૂપેન્દ્ર ત્રિવેદી**



**શ્રી અરવિંદ**

ભારત-આત્મા-સુજાગરઃ, સંસ્કૃતિ-નિષ્ઠા વિવર્ધકઃ।
ક્રાંતિયજ્ઞ ઉદ્‌ઘોષકઃ, મહાકાવ્ય સુલેખકઃ ॥



## મત્સ્યાવતાર

દશાવતારો પ્રતીક ગણ્યાં, ચેતન-વિકાસની રીત,
રહસ્ય તેનું જાણશો તો, બનશો પ્રભુના મનમીત.

દશાવતાર ક્રમશઃ થશે, ઉત્ક્રાંતિની એ ધાર,
પ્રભુને પ્રગટાવવા, એ બને સુદૃઢ આધાર.

ચેતના પ્રજ્ઞાવંત ગણી, જ્ઞાનશક્તિ સંપૂર્ણ,
સ્વાવિર્ભાવનું આયોજન કરે, તે જ ઉત્ક્રાંતિનું રૂપ.

ચેતના સત્-સ્વરૂપ ગણી, સંસાર ચેતનારૂપ,
તેથી સંસાર પણ સત્ય છે, એ જ વિચાર અનુરૂપ.

પ્રભુએ જગ-સંકલ્પ કર્યો, તે સંકલ્પ જ મનુ-રૂપ,
મનુનો અર્થ ચિંતન થયો, જગ પ્રભુ માનસ-સૃષ્ટિરૂપ.

ભૌતિક તત્ત્વે આવિર્ભાવ થયો, જીવો રૂપે અનેક,
પ્રથમ આવિર્ભાવ મત્સ્યયોનિનો, પાર્થિવ ચેતના સદેહ.

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂ.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH